RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

**Year : 15** **Issue : 094** **Dt. 28-10-2025** **Page : 08** **Price : Rs 3**




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# બિહાર ચૂંટણીમાં રાહુલની એન્ટ્રી

## કાલે તેજસ્વી યાદવ સાથે જાહેર સભા કરશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, તેજસ્વી યાદવ અને અન્ય અગ્રણી વ્યક્તિઓ દ્વારા ચૂંટણી રેલીઓ યોજાઈ રહી છે



નવીદિલ્હી, તા. ૨૭

બિહાર વિધાનસભા ચૂંટણીની તૈયારીઓમાં તમામ રાજકીય પક્ષો વ્યસ્ત છે. રાજ્યભરમાં રેલીઓનો દોર ચાલી રહ્યો છે. સત્તા મેળવવા માટે જનતાને લોકપ્રીય વચનો આપવામાં આવી રહ્યા છે. શાસક પક્ષ અને વિપક્ષ સતત એકબીજા પર હુમલો કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, તેજસ્વી યાદવ અને અન્ય અગ્રણી વ્યક્તિઓ દ્વારા ચૂંટણી રેલીઓ યોજાઈ રહી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ પ્રચાર કરવા માટે તૈયાર છે. અહેવાલો અનુસાર, વિપક્ષના નેતા અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૨૯ ઓક્ટોબરના રોજ મુઝફ્ફરપુરના સકરા અનામત મતવિસ્તાર અને દરભંગામાં મહાગઠબંધન સમર્થિત ઉમેદવારોના સમર્થનમાં બિહારના વિપક્ષ નેતા તેજસ્વી યાદવ સાથે સંયુક્ત રીતે જાહેર સભાઓને સંબોધિત કરશે. બંને નેતાઓ ગઠબંધનના ઉમેદવારને મત આપવા માટે જનતાને અપીલ કરશે.

બિહાર કોંગ્રેસના મીડિયા વિભાગના અધ્યક્ષ રાજેશ રાઠોડે જણાવ્યું હતું કે વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો આ પ્રથમ બિહાર પ્રવાસ છે. તેમણે જણાવ્યું હતું કે રાહુલ સકરા અનામત મતવિસ્તારમાંથી કોંગ્રેસના ઉમેદવાર ઉમેશ રામના સમર્થનમાં પ્રથમ જાહેર સભાને સંબોધિત કરશે. આ પછી, તેઓ દરભંગામાં આરજેડી અને મહાગઠબંધનના ઉમેદવારો માટે એક રેલીને સંબોધિત કરશે. રાહુલ ગાંધીની બંને રેલીઓ મહત્વપૂર્ણ છે, કારણ કે ચૂંટણી મોસમ દરમિયાન રાહુલ અને તેજસ્વી વચ્ચે આ પહેલી રેલીઓ હશે. તેજસ્વીને મહાગઠબંધનનો મુખ્યમંત્રીપદનો ચહેરો જાહેર કરવામાં આવ્યા બાદ, તેજસ્વી સતત ચૂંટણી રેલીઓ કરી રહ્યા છે અને ગઉઅ સરકાર પર જોરદાર નિશાન સાધી રહ્યા છે. હવે, રાહુલ અને તેજસ્વી સાથે જોવા મળશે. ચૂંટણી રેલીઓના એક દિવસ પહેલા, ૨૮ ઓક્ટોબર, મંગળવારના રોજ, મહાગઠબંધન એક સંયુક્ત મેનિફેસ્ટો બહાર પાડશે.

અગાઉ, દેશના વિપક્ષી નેતા, રાહુલ ગાંધીએ બિહારમાં ૧૬ દિવસ વિતાવ્યા હતા, ૧,૩૦૦ કિમીની મુસાફરી કરી હતી. મતદાર અધિકાર યાત્રા દરમિયાન, તેમણે ભાજપ પર મત ચોરીનો આરોપ લગાવતા તેની આકરી ટીકા કરી હતી. તેમણે જીંઈછ અંગે ચૂંટણી પંચને પણ સવાલ ઉઠાવ્યા હતા. બિહાર મતદાર અધિકાર યાત્રા બાદ, રાહુલ ગાંધી પ્રથમ વખત બિહારની મુલાકાત લેશે, જ્યાં તેઓ મહાગઠબંધનના ઉમેદવારો માટે સંયુક્ત રીતે જાહેર રેલીઓને સંબોધિત કરશે. બિહાર વિધાનસભાની ચૂંટણી રાજ્યની તમામ ૨૪૩ બેઠકો માટે બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કા માટે મતદાન ૬ નવેમ્બરે અને બીજા તબક્કા માટે ૧૧ નવેમ્બરે મતદાન થશે. ચૂંટણી પરિણામો ૧૪ નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૧૮ જિલ્લાઓની ૧૨૧ બેઠકો અને બીજા તબક્કામાં ૨૦ જિલ્લાઓની ૧૨૨ બેઠકો પર મતદાન થશે. આ બે તબક્કામાં કુલ ૨,૬૧૬ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

# માવઠાને લઈ સરકાર હરકતમાં

## કૌશિક વેકરિયા, જીતુ વાઘાણી, અર્જુન મોઢવાડિયા, ડો. પ્રધુમન વાજા, નરેશ પટેલ અને જયરામ ગામીતને અસરગ્રસ્ત વિસ્તારોમાં જવા મુખ્યમંત્રીનો આદેશ

રાજકોટ, તા. ૨૭

સમગ્ર રાજ્યમાં હાલ માવઠાની ભારે અસર જોવા મળી રહી છે અને આ ૩૧ તારીખ સુધી યથાવત જોવા મળશે ત્યારે ખેડૂતોને થયેલા નુકસાન ને ધ્યાને લઈ હાલ રાજ્ય સરકાર હવે એક્શન મોડમાં આવી ગઈ છે અને મુખ્યમંત્રીએ તાકીદે બેઠક બોલાવી સંબંધિત મંત્રીઓને અસરગ્રસ્ત જિલ્લાઓમાં જવા માટેનો આદેશ પણ કર્યો છે.

રાજ્યમાં કમોસમી વરસાદને કારણે ખેતીના પાકને થયેલા નુકસાન અને સર્જાયેલી પરિસ્થિતિને લઈને ગુજરાત સરકાર સતર્ક બની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સિનિયર મંત્રીઓ સાથે તાત્કાલિક બેઠક યોજીને રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. આ બેઠક બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજ્યના પાંચથી વધુ મંત્રીઓને અસરગ્રસ્ત જિલ્લાઓમાં તાત્કાલિક પહોંચી જવા માટે સૂચના આપી છે. જે મંત્રીઓને સૂચના અપાઈ છે તેમાં કૌશિક વેકરિયા,



જીતુ વાઘાણી, અર્જુન મોઢવાડિયા, ડો. પ્રધુમન વાજા, નરેશ પટેલ અને જયરામ ગામીતનો સમાવેશ થાય છે.

આ તમામ મંત્રીઓને અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈને જિલ્લા વહીવટી તંત્ર સાથે સીધું સંકલન સ્થાપીને તાત્કાલિક રાહત અને સર્વેની કામગીરી હાથ ધરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. સરકારની આ તાત્કાલિક કાર્યવાહી દર્શાવે છે કે, ખેડૂતોને થયેલા નુકસાનની ભરપાઈ કરવા અને જનતાની મુશ્કેલીઓ દૂર કરવા રાજ્ય સરકાર ગંભીરતાથી પગલાં લઈ રહી છે. રાજ્યમાં કમોસમી વરસાદની સ્થિતિ યથાવત્ છે, જેના કારણે જનજીવન અને ખેતી પર માઠી અસર પડી રહી છે. આજે સવારથી અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૧૮૭ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયો છે, જેમાં સૌરાષ્ટ્રના અમુક વિસ્તારોમાં તો જાણે અતિવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાઈ છે.

રાજ્યમાં થયેલા માવઠાને કારણે અનેક વિસ્તારોમાં રોડ અને રસ્તાને નુકસાન પહોંચ્યું છે. ક્યાંક કોઝવે પર પાણી ફરી વળ્યા છે તો ક્યાંક નદીના બ્રિજ પરનું ડાયવર્ઝન ધોવાઈ ગયું છે. રાજ્યમાં કમોસમી વરસાદને કારણે ખેતી પાકને મોટું નુકસાન પહોંચ્યું છે. મગફળી, કપાસ, સોયાબિન, ડાંગર સહિતના પાકોનો સોથ વળી ગયો છે. તૈયાર થયેલો પાક ઉતારવાની તૈયારી હતી અને માવઠું થતાં ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. ગુજરાતમાં માવઠાને કારણે ખેતરમાં તૈયાર થયેલો ઉભો પાક નિષ્ફળ ગયો છે. ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાયો છે. ત્યારે રાજ્ય સરકાર એક્શનમાં આવી છે. કમોસમી વરસાદને પગલે રાજ્યમાં અનેક વિસ્તારોમાં ખેડૂતો અસરગ્રસ્ત થયાં છે. મુખ્યમંત્રીએ સિનિયર મંત્રીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં મંત્રીઓને અસરગ્રસ્ત જિલ્લાઓમાં જવા માટે સૂચના આપી હતી.

## ન્યાયાધીશ સૂર્યકાંત ૨૪ નવેમ્બરના રોજ ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્યભાર સંભાળે તેવી અપેક્ષા

# ડો. સૂર્યકાંત બનશે નવા CJI

નવીદિલ્હી, તા. ૨૭

ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈએ કેન્દ્ર સરકારને ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ (CJI) તરીકે નિયુક્ત કરવા માટે ન્યાયાધીશ સૂર્યકાંતની ભલામણ કરી છે. વર્તમાન મુખ્ય ન્યાયાધીશ પછી સુપ્રીમ કોર્ટના બીજા ક્રમના વરિષ્ઠ ન્યાયાધીશ, ન્યાયાધીશ સૂર્યકાંત ૨૪ નવેમ્બરના રોજ ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્યભાર સંભાળે તેવી અપેક્ષા છે. મુખ્ય ન્યાયાધીશ ગવઈ ૨૩ નવેમ્બરના રોજ નિવૃત્ત થશે. ૨૪ મે, ૨૦૧૯ ના રોજ સુપ્રીમ કોર્ટમાં બઢતી પામેલા ન્યાયાધીશ સૂર્યકાંતનો કાર્યકાળ લગભગ ૧૫ મહિનાનો રહેશે. તેઓ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૭ ના રોજ નિવૃત્ત થશે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો માટે નિવૃત્તિ વય ૬૫ વર્ષ છે. મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર (સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક, ટ્રાન્સફર અને પ્રમોશન માટેની માર્ગદર્શિકા) અનુસાર, ભારતના મુખ્ય ન્યાયાધીશના પદ પર નિમણૂક સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશમાંથી થવી જોઈએ જે આ પદ સંભાળવા માટે યોગ્ય ગણાય છે.



આ મુજબ, કેન્દ્રીય કાયદા મંત્રી, ''યોગ્ય સમયે'', તેમના અનુગામીની નિમણૂક માટે વિદાય લેતા મુખ્ય ન્યાયાધીશ પાસેથી ભલામણ મેળવશે. પરંપરાગત રીતે, આ પત્ર વર્તમાન મુખ્ય ન્યાયાધીશ ૬૫ વર્ષની ઉંમરે નિવૃત્ત થાય તેના એક મહિના પહેલા મોકલવામાં આવે છે. ન્યાયાધીશ સૂર્યકાંતનો જન્મ ૧૦ ફેબ્રુઆરી, ૧૯૬૨ ના રોજ હરિયાણાના હિસાર જિલ્લામાં એક મધ્યમ વર્ગના પરિવારમાં થયો હતો. તેઓ કાયદામાં ડૂબેલા પરિવારમાંથી નહોતા આવ્યા. તેમણે પોતાનું બાળપણ વિશેષાધિકારોથી દૂર, સરળ ગ્રામીણ જીવન જીવતા વિતાવ્યું. તેમણે પોતાનું પ્રારંભિક શિક્ષણ તેમના ગામ પેટવારમાં પૂર્ણ કર્યું અને ૧૯૮૪ માં ખઉઞ માંથી કક્કઈ મેળવ્યું. તેમણે હિસાર જિલ્લા કોર્ટમાં વકીલ તરીકે કારકિર્દીની શરૂઆત કરી, પછી પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરવા માટે ચંદીગઢ ગયા. ૩૮ વર્ષની ઉંમરે, ન્યાયાધીશ સૂર્યકાંત હરિયાણાના સૌથી નાના એડવોકેટ જનરલ બન્યા. તેઓ ૨૪ મે, ૨૦૧૯ ના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બન્યા.

જસ્ટિસ સૂર્યકાંત દેશના સર્વોચ્ચ ન્યાયિક પદ સંભાળશે, જેમને બે દાયકાથી વધુનો અનુભવ છે, જેમાં કલમ ૩૭૦ રદ કરવા, અભિવ્યક્તિની સ્વતંત્રતા, લોકશાહી, ભ્રષ્ટાચાર, પર્યાવરણ અને લિંગ સમાનતા સંબંધિત સીમાચિહ્નરૂપ ચુકાદાઓનો સમાવેશ થાય છે. અહીં અમે તમને પહેલા તે ચાર પ્રખ્યાત કેસ વિશે જણાવીશું જેમાં તેમની ટિપ્પણીઓ અને વલણ હેડલાઈન્સમાં રહ્યા હતા.

# ગુજરાત સહિત ૧૨ રાજ્યોમાં આજથી SIR

## દરેક મતદારને ઘરે એક અનોખું ગણતરી ફોર્મ આપવામાં આવશે જે BLO પહોંચાડશે : ફોર્મમાં બધી મતદાર વિગતો હશે

નવીદિલ્હી, તા. ૨૭

ચૂંટણીની મોસમ નજીક આવી રહી છે તેમ, સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે શું મતદાર યાદી સચોટ છે. માન્ય મતદાર કોણ છે? જૂના રેકોર્ડમાં કોણ છે? ભૂલથી કોણ યાદીમાંથી બહાર રહી ગયું? આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે, ચૂંટણી પંચે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન નામનું એક ખાસ અભિયાન શરૂ કર્યું છે. જીંઈછનો બીજો તબક્કો હવે દેશભરના ૧૨ રાજ્યોમાં શરૂ થઈ ગયો છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આજે રાત્રે ૧૨ વાગ્યે ફ્રીઝ કરાયેલી યાદી ભવિષ્યમાં એકમાત્ર ઉપયોગમાં લેવાશે. દરેક મતદારને ઘરે એક અનોખું ગણતરી ફોર્મ આપવામાં આવશે. ઇકધ આ ફોર્મ પહોંચાડશે. આ ફોર્મમાં બધી મતદાર વિગતો હશે. હવે, મતદારોએ ચકાસવું પડશે કે તેમનું નામ ૨૦૦૩ ની યાદીમાં આવ્યું છે કે નહીં. જો એવું થયું હોય, તો કોઈ દસ્તાવેજોની જરૂર નથી. ભલે તેમનું પોતાનું નામ તે સમયે યાદીમાં સામેલ ન હોય, પરંતુ તેમના માતાપિતામાંથી એકનું નામ તે સમયે યાદીમાં સામેલ હતું, તો કોઈ વધારાના કાગળની જરૂર રહેશે નહીં.

પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ, પુડુચેરી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગોવા, છત્તીસગઢ, લક્ષદ્વીપ, ગુજરાત, મધ્ય પ્રદેશ, આંદામાન અને નિકોબાર ટાપુઓ. લાંબા સમયથી મતદાર યાદી પર ભૂલોના આરોપો લગાવવામાં આવી રહ્યા છે. અનેક પક્ષોએ ફરિયાદ કરી છે. ઈઊઈ ના શબ્દોમાં કહીએ તો, જીંઈછ જરૂરી છે કારણ કે મતદાર યાદીની ચોકસાઈ લોકશાહીનો પાયો છે.જીંઈછ ૧૯૫૧ થી ૨૦૦4 વચ્ચે આઠ વખત હાથ ધરવામાં આવ્યું છે. હવે, ભવિષ્યમાં મતદાન વિવાદ મુક્ત રહે તે માટે આ પ્રક્રિયાનું પુનરાવર્તન કરવામાં આવી રહ્યું છે.




### ૧૨ રાજ્યોમાં SIR કેવી રીતે હાથ ધરાશે?

- CEC કહે છે કે SIR પ્રક્રિયાની પ્રથમ સિદ્ધિ બિહારમાં જોવા મળી છે. ૭૫ મિલિયન મતદારોએ સક્રિયપણે ભાગ લીધો.
- ૧૨ પક્ષોના ૯૦,૦૦૦ BLO અને ૧૬૦,૦૦૦ એજન્ટોએ ભાગ લીધો. હવે, અન્ય રાજ્યોમાં પણ સમાન સ્તરની કડકતા અને ચકાસણી લાગુ કરવામાં આવશે.
- મતદારો http://voters.eci.gov.inની મુલાકાત લઈને પોતાના ભૂતકાળના રેકોર્ડ પણ ચકાસી શકે છે. ચૂંટણી પંચ ખાતરી કરવા માંગે છે કે ફક્ત મતદાન કરવા લાયક મતદારો જ યાદીમાં રહે અને જે મતદારો નથી તેમને દૂર કરવામાં આવે. દરેક ચૂંટણી પહેલાં આ સુધારો કાયદેસર રીતે જરૂરી છે.
- દરેક મતદાન મથક પર એક સરકારી કર્મચારીને BLO તરીકે નિયુક્ત કરવામાં આવે છે. દર હજાર મતદારો માટે આશરે એક મતદાન મથક હોય છે. આનો અર્થ એ છે કે દરેક વિસ્તારનું નિરીક્ષણ કરવા માટે ગ્રાઉન્ડ–લેવલ ટીમ તૈયાર છે.
- તેમણે પહેલા ગણતરી ફોર્મ છાપવા પડશે અને નામાંકિત મતદારોને તેનું વિતરણ કરવું પડશે. તમે ફોર્મમાં આપેલી માહિતી ચકાસી શકો છો.
- જો કોઈ ભૂલ ઓળખાય છે, તો ત્યાંથી સુધારણા પ્રક્રિયા શરૂ થશે. જ્યાં પણ ગુમ થયેલ મતદારનું નામ ખૂટે છે, ત્યાં તેને ઉમેરવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની થશે ઉજવણી

## દિલ્હીમાં યોજાતી પ્રજાસત્તાક દિવસ પરેડની પેટર્ન પર એકતાનગર ખાતે ભવ્ય પરેડ : વડાપ્રધાન મોદી રહેશે હાજર




રાજકોટ, તા. ૨૭

અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ ૩૧ ઓક્ટોબરની એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના ઉજાગર કરતી ઉજવણી કરવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દર વર્ષે વડાપ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજવામાં આવે છે. આ વર્ષે સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ વર્ષના ઉપલક્ષ્યમાં રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર અનોખી ઉજવણીનું બહુવિધ આયોજન કરવામાં આવ્યું છે.

નવી દિલ્હીમાં દર વર્ષે પ્રજાસત્તાક દિવસ ૨૬મી જાન્યુઆરીએ યોજાતી પરેડની પેટર્ન પર જ આ વર્ષે ૩૧ ઓક્ટોબરે એકતાનગર ખાતે મુવિંગ પરેડ યોજવામાં આવશે. રાષ્ટ્રીય એકતા દિવસની આ પરેડમાં ઇજ્રૂ, ઈઈજ્રૂ, ઈઝઇડ, ઈછ્જ્રૂ, જ્જ્ઇ, ઉંઊં, પંજાબ, આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, કેરાળા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગઈઈ મળીને કુલ ૧૬ કન્ટીજન્ટ્સ સહભાગી થશે. એટલું જ નહિં, ઓપરેશન સિંદૂરના ઇજ્રૂના ૧૬ પદક વિજેતા અને ઈછ્જ્રૂના પાંચ શૌર્ય ચક્ર વિજેતા બહાદુર જવાનો પણ આ પરેડમાં ખુલ્લી જીપ્સીમાં જોડાશે.

આ પરેડનું નેતૃત્વ વિવિધ રંગબેરંગી વેશભૂષા અને અલગ-અલગ વાજિંત્રો સાથે હેરાલ્ડીંગ ટીમના ૧૦૦ જેટલા સદસ્યો કરવાના છે.

એકતા પરેડમાં કર્ણપ્રિય સુરાવલિઓ રેલાવતા ૯ બેન્ડ કન્ટીજન્સ પણ જોડાવાના છે. ઉપરાંત રાજ્યકક્ષાએ વિજેતા થયેલા ગુજરાતના બે સ્કૂલ બેન્ડ તથા રાષ્ટ્રીય કક્ષાએ આયોજિત સ્કૂલબેન્ડ સ્પર્ધામાં વિજેતા બે સ્કૂલ બેન્ડ મળીને ચાર સ્કૂલ બેન્ડ દ્વારા બેન્ડ ડિસ્પ્લે પણ થવાના છે.

મુખ્ય સચિવ અને પોલીસ મહાનિદેશકએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને લાલ કિલ્લાની પ્રાચીરથી આપેલો મંત્ર 'રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક'ને ચરિતાર્થ કરતા કાર્યક્રમો આ એકતા પરેડ અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને વધુ ગરિમામય બનાવશે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપક્રમે દેશના વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વિરાસતોની ઝાંખી કરાવતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આ અવસરે યોજાશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરદાર સાહેબની પ્રતિમાની પદ પૂજા કર્યા પછી પરેડ અને વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા આવશે ત્યારે તેમને કેન્દ્રીય સુરક્ષા દળો અને ગુજરાત પોલીસની કંટીજન્ટ્સ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાશે અને સમગ્ર કાર્યક્રમનો શાનદાર પ્રારંભ થશે. આ પરેડમાં 'એકત્વ' થીમ આધારિત વિવિધ ટેબ્લોઝનું જે નિદર્શન થવાનું છે તેમાં જુદા જુદા રાજ્યો અને ઈઅડ્રૂ દ્વારા પોતાની વિશેષતાઓ અને સિદ્ધિઓ દર્શાવતા ૧૦ ટેબ્લો પ્રસ્તુત કરવામાં આવશે. ગઉછ્રૂ, ગજ્રૂ, જમ્મુ કાશ્મીર, આંદામાન એન્ડ નિકોબાર, પુડુચેરી, મહારાષ્ટ્ર, ગુજરાત, મણીપુર, છત્તીસગઢ અને ઉત્તરાખંડ દ્વારા આ ટેબ્લોઝ રજૂ થવાના છે.

આ ઉપરાંત, ભારતીય વાયુસેના દ્વારા ઓપરેશન સૂર્યકિરણ અન્વયે ફ્લાય પાસ્ટ તથા ઈછ્જ્રૂ અને ગુજરાત પોલીસની મહિલા કર્મચારીઓ દ્વારા સંયુક્ત રાયફલ ડ્રીલ ,ગજ્રૂ દ્વારા હેલ માર્ચ, આસામ પોલીસ દ્વારા મોટરસાયકલ ડેરડેવિલ શો તેમજ ઇજ્રૂના ઇન્ડિયન બ્રીડનો ડોગ શો, ઈઈજ્રૂ અને ઈઝઇડની મહિલા કર્મીઓ દ્વારા ટ્રેડિશનલ માર્શલ આર્ટ, જ્જ્ઇ દ્વારા બેન્ડ ડિસ્પ્લે અને ગઈઈ કેડેટસ પણ લોકોના આકર્ષણનું કેન્દ્ર બનશે.

દર વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસના ઉપલક્ષ્યમાં કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા આરંભ કાર્યક્રમનું આયોજન એકતાનગર ખાતે કરવામાં આવે છે. આ વર્ષે આ કાર્યક્રમમાં લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ફોર એડમિનિસ્ટ્રેશન-કઇજાઅઅના ૬૬૦ જેટલા પ્રશિક્ષણાર્થીઓ ભાગ લેવાના છે. સરદાર સાહેબના જીવન કવનને ઉજાગર કરતી નાટ્ય પ્રસ્તુતિ 'લોહપુરુષ' પણ આ પ્રસંગે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપક્રમે રજૂ કરવામાં આવશે.

આ હેતુસર એકતાનગર ખાતેની વેલી ઓફ ફ્લાવર્સ જવા માટેના માર્ગને ૧૩ થીમ આધારિત ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યો છે અને દરેક ઝોનમાં સિલીંગ લાઈટ,રોડ સાઈડ ઈલ્યુમિનેશન આર્ટીકલ્સ તથા ફોટો-સેલ્ફી પોઈન્ટ્સ ઊભા કરવામાં આવ્યા છે.

લોહપુરુષ સરદાર પટેલે એક અને અખંડ ભારતનું નિર્માણ કર્યું છે તેને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના મંત્રથી વધુ સુદ્રઢ રાષ્ટ્ર બનાવ્યું છે. સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિના આ વર્ષે એકતાનગર ખાતે ૧ થી ૧૫ નવેમ્બર દરમિયાન ભારત પર્વ ૨૦૨૫નું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ૧૫ દિવસ દરમિયાન ૪૫ ફૂડ સ્ટોલ, ૫૫ હસ્તકલા અને હેન્ડલૂમ સ્ટોલ, વિવિધ રાજ્યોના પેવેલિયન્સ અને ૨૮ રાજ્ય તેમજ ૮ કેન્દ્રશાસિત પ્રદેશોના સાંસ્કૃતિક પ્રદર્શનો યોજાવાના છે.

ભારત પર્વ-૨૦૨૫ અંતર્ગત ૧ થી ૧૫ નવેમ્બર દરમિયાન દરરોજ સાંજે દેશના જુદાજુદા રાજ્યોની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, પરંપરાગત કલા-સંસ્કૃતિને ઉજાગર કરશે. આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાજીની પણ આ વર્ષે ૧૫૦મી જન્મજયંતિ ઉજવાઈ રહી છે તેના ઉપલક્ષ્યમાં એકતાનગર ખાતે બિરસા મુંડા જયંતિએ વિશેષ પ્રસ્તુતિ યોજાવાની છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનારા આ રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણી કાર્યક્રમઓને આખરી ઓપ આપી દેવાયો છે અને એકતાનગર ખાતે પ્રકાશ પર્વ તો દીપાવલીના તહેવારો દરમિયાન લાખો લોકોનું આકર્ષણ બન્યું છે.

### સરકારની નીતિ એક ને ગોળ અને એક ને ખોળ જેવી

# નિયમોની ઐસી કી તૈસી : પરીમલ નથવાણીનો વીડિયો વાઈરલ

## સિંહ દર્શન કરતો વીડિયો સામે આવતા જ અનેક પ્રશ્નો થયા ઊભા : સરકારની બે-ધારી નીતિ અંગે ઉઠ્યા સવાલો



### સોશિયલ મીડિયામાંથી સાભાર



રાજકોટ, તા. ૨૭

સોશિયલ મીડિયાના યુગમાં અનેક વાયરલ વીડિયા સામે આવી રહ્યા છે. જેમાં કોઈક વીડિયોમાં તથ્ય હોય છે જ્યારે ઘણાખરા વીડિયોમાં તથ્ય હોતું નથી. પરંતું, હાલ એક વીડિયો સોશિયલ મીડિયા પર ખાસો એવો વાયરલ થઇ રહ્યો છે. જેમાં રાજ્યસભાના સાંસદ અને જાણિતા ઉદ્યોગપતિ પરિમલ નથવાણી સિંહ દર્શન કરતા હોય અને તેનો વીડિયો પર ઉતારતા હોય. આ વાયરલ વીડિયો બાદ સોશિયલ મીડિયામાં ઘણીખરી પ્રતિક્રિયાઓ સામે આવતી હોય તેવું જણાઇ રહ્યું છે. જેમાં વન્ય પ્રેમીઓ આક્ષેપ કરે છે કે, સિંહ દર્શન કરવા એ ગુન્હો નથી પરંતુ સિંહનો વીડિયો ઉતારવો એ ગુન્હો છે અને તેના પર કાયદાકીય પગલાં પણ લેવાતા હોય છે. પરંતુ, આ નિયમ તો માત્ર સામાન્ય જનતા પુરતો જ સીમિત છે.

વન્ય પ્રેમીઓનો આક્ષેપ છે કે, જો પરિમલ નથવાણી સાવજોનો વીડિયો ઉતારે તો કેમ કાયદાકીય કાર્યવાહી ન થાય? શું સરકારના નિયમો માત્ર સામાન્ય લોકો પુરતા જ સીમિત છે કે કેમ? ખરા અર્થમાં ગુજરાતની પ્રકૃતિ પ્રેમી જનતાએ આ બાબતે અવાજ ઉઠાવવો જોઇએ. વધુમાં એવા પણ આક્ષેપો થઇ રહ્યા છે કે, આ બાબતના જવાબ સરકારે આપવાના હોય, નહીં કે લોકોએ. પરંતુ, સરકાર આ પ્રકારના ઉદ્યોગપતિઓ સમક્ષ વામણી સાબિત થઇ છે. કારણ કે, નિયમો એક સમાન હોય તેવું જાણવા મળે છે. પરંતુ અહીં વાત જ કંઇક અનોખી છે.

પ્રકૃતિ પ્રેમીઓને જણાવ્યું હતું કે, ન્યાય, નીતિ અને નિયમ માત્ર ગરીબો પુરતા જ સીમિત છે. જ્યારે મોટા મરઘીમો માટે આ નિયમ કોઇ લાગુ પડતા નથી. આ અંગે અનેક પ્રશ્નો ઊભા થયા ત્યારે હવે આ બાબતે સરકાર શું પગલાં લેશે તે જોવાનું રહ્યું. નિયમ એ છે કે, સાવજનો વીડિયો લોકો લઇ શકે નહીં. પરંતુ, જ્યારે કોઇ વગ ધરાવતો વ્યક્તિ આ પ્રકારનું કૃત્ય કરે છે ત્યારે તેના માટે નીતિ-નિયમો નેવે મુકી દેવામાં આવે છે. કારણ કે, સામાન્ય સિંહ દર્શન કરવા માટે પણ નાગરિકોએ લાંબી લાઇનોમાં ઊભું રહેવું પડે છે. કાં તો એડવાન્સ બુકિંગ કરાવવું પડે છે અને તેમાં પણ લોકોને અનેક નિયમોના પાઠ પણ ભણાવવામાં આવતા હોય છે. પરંતું, આ તમામ બાબત જાણે પરિમલ નથવાણીને લાગું ન પડતી હોય તેવું જણાઇ રહ્યું છે અને આ અંગે ના આક્ષેપો પણ વન્ય પ્રેમીઓ કરી રહ્યા છે. વીડિયો ઉતારી ઉદ્યોગપતિ પરીમલ નથવાણીએ તે વીડિયો પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો અને વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે, ગાડીનું સનરૂફ ખોલી વીડિયો ઉતારતા હોવાનો વીડિયો વાયરલ થઇ રહ્યો છે. તેઓએ તેમના વીડિયોમાં ઉલ્લેખ કર્યો હોવાનું જણાઇ રહ્યું છે કે, તેઓએ ૧૨ સિંહના ટોળાને નિહાળ્યું. જેમાં સિંહે મારણ કર્યું હોય તેવું લખ્યું છે. જો આ કૃત્ય કોઇ સામાન્ય વ્યક્તિએ કર્યું હોય તો જંગલ ખાતું કાયદાકીય પગલાં લેવા માટે તલપાપડ બનતું હોય છે અને મીડિયામાં પણ હેડ લાઇન બને. જ્યારે પરીમલ નથવાણી દ્વારા જે વીડિયો ઉતારવામાં આવ્યો તે અંગે કોઇ ફોરેસ્ટ અધિકારી ચિત્રમાં કેમ ન આવ્યા? આ તમામ બાબતો અંગે હાલ પર્યાવરણ પ્રેમીઓ ચર્ચા કરી રહ્યા છે અને તેમનું માનવું છે કે, જો તમે ટોચના ઉદ્યોગપતિના લિસ્ટમાં હોય તો કાયદા કાનુનની એસી કી તેરી એટલે કે એકને ગોળ અને બીજાને ખોળ જેવી નીતિ હાલ સરકાર અપનાવી રહી છે. હાલ, જે સામાન્ય માનવી માટે અન્યાયરૂપ છે.

નોમોફોબિયા યુવા પેઢીના માનસિક સ્વાસ્થ્ય અને દૈનિક કાર્યક્ષમતાને અસર કરી રહ્યો છે

# નોમોફોબિયા માટે મનોવૈજ્ઞાનિક કસોટીની રચના બદલ કોપીરાઈટ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનની સિદ્ધિ : નોમોફોબિયા એટલે મોબાઈલ ફોન વિનાનો ડર જે અત્યારની ઘાતક સમસ્યા

રાજકોટ, તા. ૨૭
મોબાઈલ ફોન વિનાના ડર (નોમોફોબિયા) નું માપન એ હાલ સૌથી વધુ ચર્ચા તો વિષય બની ગયો છે ત્યારે આ વિષય પર ચર્ચા કરવા અને હકીકત જાણવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના પ્રોફેસર ડોક્ટર યોગેશ જોગસન તથા તેમની ટીમ દ્વારા નવી મનોવૈજ્ઞાનિક કસોટીની રચના કરી તેના કોપીરાઈટ મેળવ્યા.

મનોવિજ્ઞાન ભવનમાં બીજા કોપીરાઈટ્સ પણ ડો. જોગસણ અને ડો. દોશીના માર્ગદર્શનમાં પ્રાપ્ત થયા.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના ના સંશોધકોની ટીમે (દેસાઈ ઉન્નતિ, અઘેરા હિતેશ્રી અને બેડીયા નેહા)એ આધુનિક યુગના વ્યાપક માનસિક સ્વાસ્થ્ય પડકાર નોમોફોબિયા (નો-મોબાઈલ-ફોન ફોબિયા)ના સચોટ માપન માટે એક નવી અને પ્રમાણિત મનોવૈજ્ઞાનિક કસોટી (Psychological Scale) સફળતાપૂર્વક વિકસાવી છે. આ કસોટી પ્રો.ડો. જોગસણ અને ડો. દોશીના માર્ગદર્શનમાં રચના કરવામાં આવી.

નોમોફોબિયા હવે એક સામાન્ય ચિંતાનો વિષય બની ગયો છે, જે યુવા પેઢીના માનસિક સ્વાસ્થ્ય અને દૈનિક કાર્યક્ષમતાને અસર કરી રહ્યો છે. અમારી આ નવી કસોટી માત્ર ડરની તીવ્રતાને માપવામાં જ નહીં, પરંતુ વ્યક્તિગત સ્તરે આ ફોબિયાના મૂળભૂત કારણોને સમજવામાં પણ મદદ કરશે. આનાથી અમે સમયસર અસરકારક ઉપચાર પદ્ધતિઓ વિકસાવી શકીશું. આ કસોટીના અમને કોપીરાઇટ્સ મળ્યા છે જેથી સંશોધકો હવે આ કસોટીનો ઉપયોગ કરીને નોમોફોબિયાના વ્યાપ અને તેના સહ-સંબંધિત પરિબળો પર મોટા પાયે સંશોધન કરવાની યોજનાબનાવી શકે છે.નોમોફોબિયાના વધતા જતા પ્રભાવને સમજવા અને તેના પર નિયંત્રણ મેળવવાની દિશામાં આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. જ્યારે ડો. ધારા આર.દોશીએ જણાવ્યું કે મારા માટે આ ખુશીની વાત છે કે મનોવિજ્ઞાન ભવનમાં મનોવૈજ્ઞાનિક કસોટીની રચના કર્યા બાદ આ બીજા કોપીરાઇટ્સ પણ અમારા દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓ તેમજ મનોવૈજ્ઞાનિક આ કસોટીનો ઉપયોગ કરી શકશે.



### શુ છે નોમોફોબિયા?

- નોમોફોબિયા એ મોબાઈલ ફોનથી દૂર રહેવાના, બેટરી ખતમ થવાના, અથવા નેટવર્ક કનેક્ટિવિટી ગુમાવવાના તર્કહીન ડરને દર્શાવે છે. આ કસોટી નોમોફોબિયાની તીવ્રતાને ચોક્કસપણે માપશે, જે મનોવૈજ્ઞાનિકો અને માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિકોને અસરકારક નિદાન અને હસ્તક્ષેપ માટે મદદરૂપ થશે.

### કસોટીના મુખ્ય લક્ષણો

- **વૈજ્ઞાનિક પ્રમાણભૂતતા :** કસોટીની રચના આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓ અને આંકડાકીય વિશ્લેષણના આધારે કરવામાં આવી છે, જે તેની વિશ્વસનીયતા (Reliability) અને યથાર્થતા (Validity) શોધ્યા પછી તેને ઉપયોગમાં લેવામાં આવે છે.
- **સંપૂર્ણ માપન :** આ કસોટીમાં એવા વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે જે નોમોફોબિયાની ચિંતાને રજૂ કરે છે, જેમ કે સંપર્ક ગુમાવવાનો ડર, માહિતીની ઍક્સેસ ગુમાવવાનો ડર અને સગવડ ગુમાવવાનો ડર.આ કસોટી ખાસ કરીને યુવાનો અને સ્માર્ટફોન પર વધુ નિર્ભર રહેતા વયસ્કોમાં નોમોફોબિયાનું સ્તર માપવા માટે ડિઝાઇન કરવામાં આવી છે.

# મચ્છરોએ ઉચક્યું માથું મલેરિયાનો ૧, ડેન્ગ્યુના ૫ કેસ

## મચ્છર ઉત્પદી સબબ ૩૫૫ આસામીઓને નોટીસ : મનપાની ડોર ટુ ડોર કામગીરી શરૂ



રાજકોટ, તા. ૨૭
હાલ વાતાવરણમાં જે ફેરફાર જોવા મળ્યો છે તેનાથી મચ્છરોનો ઉપદ્રવ અને ત્રાસ પણ વધી ગયો છે તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ મહાનગરપાલિકા દ્વારા ડોર ટુ ડોર કામગીરી પણ કરવામાં આવી રહી છે જેમાં મલેરિયા નો એક તથા ડેન્ગ્યુના પાંચ કેસ નોંધાયા હતા. ત્યારે હજુ પણ વાતાવરણમાં જે પલટો આવ્યો છે તેનાથી મચ્છરજન્ય રોગોમાં ઉછાળો નોંધાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

દિવાળીના તહેવારોમાં મચ્છરોનો ઉપદ્રવ વધુ જોવા મળ્યો હતો. મનપાના આરોગ્ય વિભાગની ડોર ટુ ડોર કામગીરી દરમિયાન મેલેરીયા-૧, ડેન્ગ્યું-૫, શરદી ઉધરસ-૯૨૭, સામાન્ય તાવ ૮૬૨, કમળો -૩ અને ઝાડા ઉલ્ટીના નવા ૧૧૬ દર્દીઓ નોંધાયા હતા. આથી મચ્છર ઉત્પદી સબબ ૩૫૫ આસામીઓને નોટીસ ફટકાવામાં આવી હતી. મચ્છર જન્યરોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૧૩/૧૦/૨૦૨૫ થી તા.૨૬/૧૦/૨૦૨૫ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૪૪૬૬૯ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૧૦૪૭ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૬૨૨ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી / પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૩૫૫ અને કોર્મશીયલ ૧૯૨ આસામીને નોટીસ આપવામાં આવેલ હતી.

## ઈન્ડોર દર્દીઓની સંખ્યામાં પણ નોંધાયો વધારો : દિવાળીના મીની વેકેશનમાં ખાનગી હોસ્પિટલો બંધ હોવાથી સિવિલમાં દર્દીઓની સંખ્યા વધી

# દિવાળીની રજાઓમાં ૯૦૦૦ ઓપીડી ૧૯૦ મેજર ઓપરેશન કરતું સિવિલ

રાજકોટ, તા. ૨૭
દિવાળી તહેવાર નિમિત્તે સિવિલ હોસ્પિટલ ખડે પગે દર્દીઓની વાહરે ઉભો રહ્યું હતું જે અંગેની માહિતી ડોક્ટર મોનાલી માકડિયા દ્વારા આપવામાં આવી હતી. મળતી માહિતી મુજબ દિવાળી તહેવાર નિમિત્તે ૯૦૦૦ જેટલી ઓપીડી તથા ૧૯૦૦ દર્દીને ઈન્ડોર સારવાર આપવામાં આવી હતી જ્યારે ૧૯૦ જેટલા મેજર ઓપરેશન કરવામાં આવ્યા હતા તો સામે ૪૦૦ જેટલા નાના ઓપરેશન પણ કર્યા હોવાનું માલુ પડ્યું છે. વેકેશન હોવાના કારણે ખાનગી હોસ્પિટલો પણ બંધ હતી ત્યારે દર્દીઓ માટે એકમાત્ર સહારો જો કોઈ હતો તો તે રાજકોટની સિવિલ હોસ્પિટલ.

તહેવાર નિમિત્તે સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી સર્વિસ સાથે વધારાના સ્ટાફ સાથે સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યો હતો. દિવાળીના



તહેવારોની રજામાં ઓપીડી સહિતની સારવાર ચાલુ રાખવામાં આવી હતી. તેમજ તજજ્ઞ તબીબોની ટીમ સાથે ૧૦૦ બેડની વધારાની સુવિધા તેમજ તેને લગતી દવાઓ તેમજ ડ્રેસિંગના સામાનનો પૂરતા પ્રમાણમાં સ્ટોક કરી લેવામાં આવ્યો હતો. સામાન્ય દિવસ કરતા રજાના દિવસોમાં એટલે કે દિવાળી નિમિત્તે વધુ દર્દીઓ દાખલ થયા હતા તેટલું જ નહીં ખાનગી હોસ્પિટલો બંધ હોવાના કારણે ઈન્ડોર દર્દીઓની સંખ્યા પણ વધુ હતી. દિવાળી ઉપર સામાન્ય દિવસો કરતા વધારાનો ૨૦ ટકા સ્ટાફ પણ રિઝર્વ રાખવામાં આવ્યો હતો જેથી દર્દોને સમયસર સારવાર મળી શકે સાથે દવાઓનો જથ્થો તૈયાર રાખવામાં આવ્યો હતો. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દિવાળી,બેસતા વર્ષ અને ભાઈબીજ ઉપર ઈમર્જન્સીમાં તબીબોની ટીમે ખડેપગે રહી સેવા આપી હતી.

# કલેકટર વધુ એક સપ્તાહની રજા પર

## સરકારી કચેરીઓ ખુલી પરંતુ અધિકારીઓ-કર્મચારીઓમાં હજુ દિવાળી ઈફેક્ટ

રાજકોટ, તા. ૨૭
રવિવારે લાભપાચમ હોવાથી દુકાનદારોને વ્યાપારીઓએ પોતાનું શુકન કરી લીધું હતું ત્યારે ગઈકાલે તમામ સરકારી કચેરીઓ સહિત ધંધા રોજગાર પણ શરૂ થઈ ગયા હતા અને પોતાના શુકન સાચવ્યા હતા ત્યારે તમામ સરકારી કચેરીઓ શરૂ થઈ ગઈ પરંતુ હજુ પણ અધિકારીઓને કર્મચારીઓ રજાના મૂડમાં હોય તેવું જાણવા મળ્યું એટલું જ નહીં કલેક્ટર પણ વધુ એક સપ્તાહની રજા પર હોવાનું માલુમ પડ્યું છે. ત્યારે



કલેકટર હસ્તકના આદેશો તથા જે કામગીરી હાથ ધરવાની થતી હશે તે હજુ એક સપ્તાહ મુલતવી રહેશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી.

મહાનગરપાલિકામાં પણ આ ગઈકાલે સ્નેહમિલન યોજાયું હતું અને અધિકારીઓમાં અને કર્મચારીઓમાં પણ હજુ દિવાળીનો માહોલ જ જોવા મળ્યો હતો અને તેમનામાં હજુ પણ જે કામ કરવાનો ઉત્સાહ હોવો જોઈએ તે જોવા મળ્યો ન હતો અને કામગીરી પણ શુષ્ક રહી હતી. રાજ્ય સરકાર દ્વારા દિવાળીના તહેવાર નિમિત્તે જાહેર કરવામાં આવેલી એક અઠવાડિયાની રજાઓ પૂર્ણ થતાં આજથી (સોમવાર, ૨૭ ઓક્ટોબર) તમામ સરકારી કચેરીઓ રાબેતા મુજબ શરૂ થઈ ચૂકી છે. જોકે,અધિકારીઓ હજી પણ રજાના મૂડમાં જોવા મળી રહ્યા છે, જેના કારણે સરકારી કામગીરી પર તેની અસર જોવા મળી રહી છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશ દિવાળીની રજાઓ પૂરી થયા બાદ પણ વધુ એક અઠવાડિયાની રજા પર ઉતરી ગયા હોવાનું જાણવા મળ્યું છે.મહત્ત્વનું છે કે, કલેક્ટર દિવાળીની જાહેર થયેલી એક અઠવાડિયાની રજા પર ગયા હતા અને તે પછી પણ તેમણે વધુ એક અઠવાડિયાની રજા લંબાવી છે. તેઓ આગામી સોમવાર, ૩ નવેમ્બર, ૨૦૨૫ સુધી રજા પર ઉતરી ગયા છે.

વાવાઝોડાની શક્યતા સેવાઈ રહી છે તે હજુ સૌરાષ્ટ્રના દરિયા કિનારાથી ૬૬૦ કિલોમીટર દૂર હોવાનું માલુમ પડ્યું છે

# ૩૧ ઓક્ટોબર સુધી હવામાનમાં આવશે પલટો

## સૌરાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી : ૨૪ કલાકમાં સિસ્ટમ પૂર્વ મધ્ય અરબી સમુદ્રી તરફ આગળ વધી શકે છે

રાજકોટ, તા..૨૭
બંગાળની ખાડીમાં હાલ સિસ્ટમ સક્રિય થઈ ચૂકી છે અને તેની અસર ગુજરાતમાં ૩૧ ઓક્ટોબર સુધી જોવા મળી શકે તેવી હવામાન ખાતા દ્વારા આગાહી પણ કરવામાં આવી છે એટલું જ નહીં આ તારીખ સુધી હળવા થી મધ્યમ કે ભારેથી અતિભારે વરસાદ વરસવાની પણ શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગઈકાલ સમગ્ર દિવસ રાજકોટમાં વાદળછાયુ વાતાવરણ જ જોવા મળ્યું અને હળવા ઝાપટા પણ પડ્યા હતા. ત્યારે હાલ જે વાવાઝોડાની શક્યતા સેવાઈ રહી છે તે હજુ સૌરાષ્ટ્રના દરિયા કિનારાથી ૬૬૦ કિલોમીટર દૂર હોવાનું માલુમ પડ્યું છે. આગામી ૨૪ કલાકમાં સિસ્ટમ પૂર્વ મધ્ય અરબી સમુદ્રી પર આગળ વધશે ત્યારે સાયકલોનીક સર્ક્યુલેશનથી એક ટ્રફ ઉત્તર પૂર્વી અરબી સમુદ્ર તથા દક્ષિણ ગુજરાત પરથી પસાર થઈ શકે છે ત્યારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ના કારણે દરિયાઈ મોજા પણ ઉછળશે તેવી શક્યતા હાલ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

પૂર્વ મધ્ય અરબી સમુદ્ર ઉપરનું ડિપ્રેશન હાલમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતના કિનારાથી ઘણુ દુર છે પરંતુ આ સિસ્ટમ સાથે જોડાયેલ યુએસઈમાંથી ટ્રફ ઉત્તર પૂર્વ અરબી સમુદ્ર તથા દક્ષિણ ગુજરાત તરફી પસાર થઈને પશ્ચિમ મધ્યપ્રદેશ સુધી વિસ્તરેલ હોવાથી તેના પ્રભાવ હેઠળ મધ્ય અને ઉપલા સ્તરના ગાઢ વાદળો ગુજરાતના વિસ્તારોમાં પ્રસરેલા છે. તેનાથી વ્યાપક કન્વેકટીવ પ્રવૃત્તિ નોંધાઇ રહી છે.



તેના પ્રભાવ હેઠળ સૌરાષ્ટ્ર, ગુજરાત અને કચ્છમાં ૨.૫ મીમીથી ૧૧૫.૫ મીમી સુધી વરસાદ થઇ શકે છે.

હાલમાં મુખ્ય ધ્યાન બંગાળની ખાડી પર સર્જાયેલા મોન્થા વાવાઝોડા પર કેન્દ્રીત છે જયારે અરબી સમુદ્ર ઉપરનું ડિપ્રેશન તેની અસ્થિર ચાલ અને પ્રમાણમાં વેરવિખેર વાદળ રચનાના કારણે સત્તાવાર સ્તરે તુલનાત્મક રીતે ઓછુ ધ્યાન આકર્ષણ છે. અનેક આંતરરાષ્ટ્રીય મોડલ એવું સૂચવે છે કે તા.૨૭ થી ૩૧ ઓકટોબર દરમ્યાન સૌરાષ્ટ્ર, ગુજરાત અને કચ્છમાં ડિપ્રેશન સિસ્ટમના પ્રભાવ હેઠળ અતિ ઉચ્ચ વરસાદી શકયતા છે.

આ ડિપ્રેશન સિસ્ટમ આગામી દિવસોમાં કેટલાક અણધાર્યા અને આશ્ચર્યજનક પરિણામો પેદા કરી શકે છે. આ સમયગાળા દરમ્યાન સમગ્ર રાજયમાં છુટાછવાયાથી વ્યાપક હળવો અને મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. જ્યારે સીમીત ભાગોમાં ૬૪.૫થી ૨૦૪.૫ મીમી સુધીનો ભારેથી અતિભારે વરસાદ થઇ શકે છે.

આ સમયગાળા દરમ્યાન મુખ્યત્વે સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિજળી સાથે ગાજવીજ સાથેની વરસાદી ગતિવિધિ અને ૩૦ થી ૪૫ કિ.મી.ની ઝડપે પવન ફુંકાવાની પણ શકયતા છે. બંગાળની ખાડીના વાવાઝોડા વિશે તેમણે કહ્યું કે, આજે સવારે મોન્થા વાવાઝોડુ દક્ષિણ-પશ્ચિમ અને તેને લાગુ પશ્ચિમ મધ્ય અને દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીમાં કેન્દ્રીત હતું જે આંધપ્રદેશના કાકીનાળાથી ૬૨૦ કિ.મી., વિશાખાપટ્ટનમથી ૬૫૦ કિ.મી. દુર હતું.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# આને માવઠું ન કહેવાય

## મેઘરાજનો વર્તમાન પ્રેમ કૃષિ ક્ષેત્ર માટે જોખમી



દિપાવલી બાદ પણ મેઘરાજાને જવાનું મન થતું નથી. બંગાળની ખાડીમાં મનથા નામનું વાવાઝોડું સર્જાયું છે. જે આંધ્ર તથા ઓડિશા સહિત અનેક રાજ્યોમાં તાંડવ કરે તેવી સંભાવના વ્યક્ત થઈ છે. બીજી તરફ અરબ સાગરમાં પણ વાવાઝોડા જેવી સિસ્ટમના કારણે ચોમાસુ માહોલ બની ગયો છે.

ગુજરાતમાં અનેક વિસ્તારોમાં કમોસમી મેઘ સવારી પહોંચી ગઈ છે. મીડિયામાં માવઠું શબ્દનો ઉલ્લેખ થયો છે. વાસ્તવમાં આ માવઠું નથી ટકાતોડ તાંડવ છે. વ્યાખ્યા પ્રમાણે માવઠું કમોસમી અને માત્ર ઝાપટા સ્વરૂપે હોય છે. વર્તમાન કમોસમી મેઘ સવારીએ ગુજરાતના અનેક વિસ્તારોમાં સાતથી ૧૧ ઇંચ વરસાદના ઘણાવા નાખ્યા છે. આને માવઠું નહીં તાંડવ કહેવાય.

આ વર્ષે ચોમાસામાં સારો વરસાદ રહેતા કૃષિપાક ખુબ થવાની આશા હતી. મોટાભાગે પાક તૈયાર હતો આ પાક પર માવઠું થાય તો પણ નુકસાન કરે પણ ઘણા વિસ્તારોમાં તો ઘોડાપૂરની સ્થિતિ છે. કમોસમી વ્યાપક વરસાદે ગુજરાતમાં કૃષિ ક્ષેત્ર માટે જોખમ સર્જી દીધું છે. નજીકના ભવિષ્યમાં જ આ મુદ્દો અઘરો બની જાય તેમ લાગી રહ્યું છે. મહાપાલીકા થી માંડીને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો માહોલ તૈયાર થવા લાગ્યો છે આ ચૂંટણીઓમાં કૃષિ જેવા મુદ્દા સીધી અસર કરતા હોય છે.

ગઈકાલે પ્રદેશ કોંગ્રેસ પક્ષ રાજકોટમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં વક્તાઓએ કૃષિ ક્ષેત્રના મુદ્દાને જોરદાર ઉછાળ્યા હતા. સરકાર પાસે દેવા માફી સહિતની માંગણી કરી હતી. કમોસમી ભારે વરસાદ પ્રાકૃતિક આફત ગણાય આ માટે શાસક સીધા જવાબદાર નથી પણ આફતથી થયેલા નુકસાનમાં આફત ગ્રસ્તોને સંતોષ આપવો એ શાસકોની જવાબદારીમાં આવે નુકસાનીનો સર્વે અને સહાય કાયમ વિવાદના મુદ્દા રહે છે. ચૂંટણી સમયે આવા મુદ્દા ઉછળે તે શાસક માટે કસોટીનો સમય ગણાય.

કમોસમી ભારે વરસાદથી અન્ય સમસ્યાઓ પણ ઉજાગર થઈ છે. સૌરાષ્ટ્રમાં ઘણા માર્ગો નવા બનાવ્યા અથવા રિપેર થયા છે આ માર્ગોનું ફરી ધોવાણ થઈ જાય તો મતદારોની પરેશાની વધી જાય અને આવા સ્થાનિક મુદ્દાઓ નિર્ણાયક બની શકે. મેઘરાજાની ક મોસમી સવારીએ કૃષિ ક્ષેત્ર તથા રાજકીય ક્ષેત્ર માટે અરાજક જેવી સ્થિતિ સર્જી છે. હજુ મેઘરાજા વિદાય લેવાના મૂડમાં હોય તેમ લાગતું નથી.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ડિજિટલ એરેસ્ટની તપાસ સોંપાશે CBIને

## સુપ્રીમ કોર્ટે વ્યક્ત કરી ચિંતા : કોર્ટે જણાવ્યું કે કેન્દ્રીય એજન્સીએ ગૃહ મંત્રાલય હેઠળના સાયબર અધિકારીઓની સહાય લેવી પડશે



નવીદિલ્હી, તા. ૨૭

સુપ્રીમ કોર્ટે ''ડિજિટલ એરેસ્ટ '' ના વધતા જતા કેસોની સંખ્યા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે સંકેત આપ્યો કે સીબીઆઈ આ કેસોની તપાસ કરવા સક્ષમ છે અને તપાસ તેને સોંપવાનું વિચારી શકે છે. કોર્ટે તમામ રાજ્યોને નોટિસ જારી કરી, ડિજિટલ ધરપકડ સંબંધિત નોંધાયેલા કેસ અને એફઆઈઆરની સંખ્યા પર જવાબ માંગ્યો, જેથી આ ગંભીર સાયબર ગુનાનો સામનો કરવા માટે અસરકારક પગલાં લઈ શકાય. અગાઉની સુનાવણીમાં, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને તપાસ એજન્સીઓ પાસેથી જવાબ માંગ્યા હતા. આજની સુનાવણીમાં, કોર્ટે જણાવ્યું હતું કે કેન્દ્રીય એજન્સીએ ગૃહ મંત્રાલય હેઠળના સાયબર અધિકારીઓની સહાય લેવી પડશે.

ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું, ''અમે આજે કોઈ આદેશ જારી કરી રહ્યા નથી. અમે ફક્ત બધા રાજ્યોને નોટિસ મોકલી રહ્યા છીએ. જો કે, અમારા મતે, સીબીઆઈ સમગ્ર ભારતમાં ડિજિટલ ધરપકડના કેસ પર કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકે છે. તેથી, સીબીઆઈ આ સમગ્ર મામલાની તપાસ કરવા માટે યોગ્ય એજન્સી હશે.'' સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે સીબીઆઈ ડિજિટલ ધરપકડના કેસોની સંખ્યાની તપાસ કરવા સક્ષમ છે, અને અમે કેસોને તપાસ માટે તેને ટ્રાન્સફર કરીશું. સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યોને નોટિસ જારી કરી છે. તેમાં પૂછવામાં આવ્યું હતું કે રાજ્યમાં અત્યાર સુધીમાં સાયબર છેતરપિંડી અને ડિજિટલ ધરપકડના કેટલા કેસ નોંધાયા છે અને કેટલા કેસ દાખલ કરવામાં આવ્યા છે અને કાર્યવાહી કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે ડિજિટલ ધરપકડની વધતી સંખ્યા પર ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે આ ડિજિટલ ધરપકડોથી આખો દેશ પીડાઈ રહ્યો છે. આવા કેસ વિવિધ સ્થળોએથી દરરોજ નોંધાઈ રહ્યા છે, અને તેમાં ઘટાડો થવાના કોઈ સંકેત દેખાતા નથી, અને તેમની સંખ્યા દરરોજ વધી રહી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ સંદર્ભમાં એક વિગતવાર બેઠક યોજાઈ છે. હરિયાણા રાજ્યના વકીલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ગુનાઓની ગંભીરતા અને પ્રકૃતિને જોતાં, તેમને તપાસ કેન્દ્રીય એજન્સીને સોંપવામાં કોઈ વાંધો નથી. સાયબર ક્રાઈમ બ્રાન્ચ, અંબાલા દ્વારા નોંધાયેલી બે એફઆઈઆરની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશનને સોંપવામાં આવશે. અંબાલામાં સમાન ગુનાઓ સંબંધિત અન્ય એફઆઈઆર નોંધાઈ છે. રાજ્યને તે એફઆઈઆરની વિગતો રજૂ કરવા માટે એક અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે ડિજિટલ ધરપકડની વધતી સંખ્યા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટ તપાસ સીબીઆઈને સોંપવાનું વિચારી રહી છે, કારણ કે તે સમગ્ર દેશને અસર કરી રહી છે. ડિજિટલ ધરપકડ અને સાયબર છેતરપિંડી માટે દાખલ થયેલા કેસ અને એફઆઈઆરની સંખ્યા અંગે જવાબ માંગતી તમામ રાજ્યોને નોટિસ જારી કરવામાં આવી છે.

# સુપ્રીમે સંભલ રમખાણોના આરોપીઓને આપ્યા જામીન

## સુપ્રીમ કોર્ટે કહ્યું આરોપીઓને લાંબા સમય સુધી જેલમાં રાખી શકાય નહીં



નવીદિલ્હી, તા. ૨૭

સંભલ મંદિર-મસ્જિદ વિવાદ સંબંધિત સર્વેક્ષણ દરમિયાન ફાટી નીકળેલા સંભલ રમખાણોના આરોપીઓને સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા છે. સુપ્રીમ કોર્ટે તેમની મુક્તિનો આદેશ આપતાં એક મહત્વપૂર્ણ અવલોકન કર્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે આરોપીઓને લાંબા સમય સુધી જેલમાં રાખી શકાય નહીં. જસ્ટિસ પી.એસ. નરસિંહા અને આર. મહાદેવનની બેન્ચે સંભલ રમખાણોના આરોપી દાનિશ, ફૈઝાન અને નઝીરને જામીન આપ્યા હતા. તેમની મુક્તિ માટેની શરતો નીચલી અદાલત દ્વારા નક્કી કરવામાં આવશે. આ ત્રણેય આરોપીઓને અગાઉ નીચલી અદાલત અને હાઈકોર્ટ દ્વારા નિરાશ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ તેઓએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે સંભલ હિંસા કેસમાં આરોપીઓને જામીન એટલા માટે આપ્યા હતા કે ઉત્તર પ્રદેશ પોલીસે તપાસ પૂર્ણ કરી હતી અને ચાર્જશીટ દાખલ કરી હતી. તેથી, આરોપીઓને અનિશ્ચિત સમય માટે જેલમાં રાખી શકાતા નથી કારણ કે તેમની સામેના આરોપો સાબિત થયા નથી. ઉત્તર પ્રદેશ હાઈકોર્ટ અને નીચલી અદાલતે આરોપીઓને કોઈ રાહત આપી ન હતી. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ભારતીય ફોજદારી કાયદાના મૂળભૂત સિદ્ધાંતને રેખાંકિત કરે છે, જે કહે છે કે, ''સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ.'' ઐતિહાસિક સંભલ મસ્જિદ વિરુદ્ધ એક પક્ષ દ્વારા કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ ઇમારત મૂળરૂપે એક મંદિર હતી. આ અરજી પર સુનાવણી કરતા, અલ્હાબાદ હાઈકોર્ટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) ને મસ્જિદનું સર્વેક્ષણ કરવાનો આદેશ આપ્યો હતો. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ, જે દિવસે ASI ટીમ સર્વેક્ષણ માટે આવી હતી, તે દિવસે શહેરમાં સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી હતી.

મુસ્લિમ પક્ષનો દાવો છે કે સર્વેક્ષણ ટીમ સવારે મસ્જિદ સમિતિને જાણ કર્યા વિના પહોંચી હતી. સ્થાનિક રહેવાસીઓએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે રમખાણો થયા હતા. પોલીસે ૧૨૫ થી વધુ નામાંકિત અને આશરે ૫૦૦ અજાણ્યા વ્યક્તિઓ સામે FIR દાખલ કરી હતી અને ૩૨ ની ધરપકડ કરી હતી. સુપ્રીમ કોર્ટે સંભલ રમખાણોના આરોપીઓને જામીન આપ્યા હતા, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેમને લાંબા સમય સુધી જેલમાં રાખી શકાતા નથી. આ નિર્ણય ભારતીય ફોજદારી કાયદાના મૂળભૂત સિદ્ધાંતને રેખાંકિત કરે છે, જે કહે છે કે ''નિર્દોષ દોષિત સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે.



# અવમાનના નોટિસ વકીલને આપશે મહત્વ : સુપ્રીમ કોર્ટે

## કોર્ટે કહ્યું કે આવી ઘટનાઓને રોકવા માટે માર્ગદર્શિકા સ્થાપિત કરવા પર વિચાર કરશે

નવીદિલ્હી, તા. ૨૭

સુપ્રીમ કોર્ટે CJI બીઆર ગવઈ પર જૂતા ફેંકવાની ઘટનાના કેસની સુનાવણી કરતા આ બાબતે ટિપ્પણી કરી. કોર્ટે કહ્યું કે તે આવી ઘટનાઓને રોકવા માટે માર્ગદર્શિકા સ્થાપિત કરવા પર વિચાર કરશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોર્ટમાં સૂત્રોચ્ચાર કરવા અને જૂતા ફેંકવા એ કોર્ટનો તિરસ્કાર છે, પરંતુ આ મુદ્દો સંબંધિત ન્યાયાધીશ પર આધાર રાખે છે. વધુમાં, સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે અવમાન નોટિસ જારી કરવાથી CJI પર જૂતા ફેંકનાર વકીલને અયોગ્ય મહત્વ મળશે. SCBA પ્રમુખ વિકાસ સિંહે ચેતવણી આપી હતી કે નિષ્ક્રિયતા સંસ્થાને મોટી બદનામી લાવશે અને જાહેરમાં ઉપહાસ થશે. તેમણે બેન્ચ પર વકીલને માફી માંગવા અથવા જેલમાં મોકલવાની માંગ કરતી નોટિસ જારી કરવા દબાણ કર્યું. સુપ્રીમ કોર્ટે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનને આ ઘટનાને કુદરતી રીતે બહાર આવવા દેવા કહ્યું.

ઓક્ટોબરમાં સુનાવણી દરમિયાન CJI બીઆર ગવઈ પર જૂતા ફેંકવાની ઘટના બાદ, સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશને જૂતા ફેંકવાનો પ્રયાસ કરનાર વકીલ રાકેશ કિશોરનું સભ્યપદ રદ કર્યું અને તેમની સામે ફોજદારી અવમાનનાની કાર્યવાહી માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી. ૬ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) ગવઈ પર જૂતા ફેંકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગવઈ સમગ્ર ઘટના દરમિયાન શાંત રહ્યા, પરંતુ બાર એસોસિએશને તેમના પર હુમલો કરનાર વકીલ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

CJI બીઆર ગવઈ પર જૂતા ફેંકનાર વકીલે ઘટના બાદ એક ઈન્ટરવ્યુમાં કોઈ અફસોસ વ્યક્ત કર્યો ન હતો. એડવોકેટ રાકેશ કિશોરે આ કાર્યવાહીને યોગ્ય ઠેરવી હતી, અને કહ્યું હતું કે તેમને ભગવાન તરફથી સૂચનાઓ મળી છે. આરોપી વકીલ રાકેશ કિશોરે ''સનાતન ધર્મનું અપમાન'' અંગે વકીલના નિવેદનના વિરોધમાં આ કાર્યવાહી કરી હતી. તેમણે બૂમ પાડી હતી કે, ''અમે સનાતન ધર્મનું અપમાન સહન નહીં કરીએ.'' સુપ્રીમ કોર્ટે CJI ગવઈ પર જૂતા ફેંકવાની ઘટનાને કોર્ટનો અપમાન ગણાવી છે અને આવી ઘટનાઓને રોકવા માટે માર્ગદર્શિકા વિકસાવવા પર વિચારણા કરશે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે અવમાન નોટિસ વકીલને અયોગ્ય મહત્વ આપશે.

# સશસ્ત્ર દળોને મજબૂત બનાવવા સંરક્ષણ મંત્રાલય અગ્રેસર

## સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સંશોધન અને વિકાસમાં ખાનગી ઉદ્યોગની મહત્વપૂર્ણ ભૂમિકા પર મૂક્યો ભાર



નવીદિલ્હી, તા. ૨૭

સંરક્ષણ મંત્રાલય સશસ્ત્ર દળોને મજબૂત બનાવવા માટે સતત કામ કરી રહ્યું છે. શસ્ત્રોથી લઈને અદ્યતન ટેકનોલોજી સુધી, વિવિધ પહેલોનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. આ સંદર્ભમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સંશોધન અને વિકાસમાં ખાનગી ઉદ્યોગની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો છે. તેઓ જણાવે છે કે ભારતની સંશોધન અને વિકાસ પ્રગતિ ફક્ત સરકારી પ્રયાસો દ્વારા જ નહીં, પરંતુ ખાનગી ક્ષેત્રની નવીનતા દ્વારા પણ શક્ય છે. સંરક્ષણ પ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું કે સરકાર ઉપરાંત, ખાનગી ઉદ્યોગની પણ સંશોધન અને વિકાસમાં મહત્વપૂર્ણ જવાબદારી છે. ભારતીય ઉદ્યોગે દેશમાં હજુ સુધી જે પ્રાપ્ત થયું નથી તે પૂર્ણ કરવું જોઈએ. ખાનગી ક્ષેત્રે ફાર્માસ્યુટિકલ્સ, માહિતી ટેકનોલોજી અને ટેલિકોમ સહિત અનેક ક્ષેત્રોમાં પહેલ કરી છે. દેશ તમારી પાસેથી સંશોધન અને વિકાસના ક્ષેત્રમાં પણ આવી જ અપેક્ષા રાખે છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે કોઈ પણ દેશ સંશોધન અને વિકાસ વિના પ્રગતિ કરી શકતો નથી. પછી ભલે તે યુનાઈટેડ સ્ટેટ્સ હોય, ચીન હોય કે દક્ષિણ કોરિયા, જે દેશોએ પ્રગતિ કરી છે તે બધાએ સંશોધન અને વિકાસને કારણે જ પ્રગતિ કરી છે. શીખવા માટે, આપણે કોઈપણ પાસેથી, ગમે ત્યાં શીખવું જોઈએ. અમે ''આ નો ભદ્રઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ'' ની ફિલસૂફીમાં માનીએ છીએ, જેનો અર્થ થાય છે, ''બધી દિશાઓથી ઉમદા વિચારો મારા સુધી આવવા દો.'' જો દુનિયામાં ક્યાંય પણ કોઈ સારી પ્રથા જોવા મળી રહી છે, તો આપણે તેને અપનાવવામાં અચકાવું જોઈએ નહીં.

સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે અમારો પ્રયાસ ખાનગી ક્ષેત્ર સાથે સહયોગ કરવાનો અને આગળ વધવાનો છે. તેમાં કોઈ શંકા નથી કે જો આપણે આ દિશામાં સાથે મળીને કામ કરીશું, તો તે ભવિષ્યમાં ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે, જે સંરક્ષણ ક્ષેત્રના સમગ્ર લેન્ડસ્કેપને બદલી નાખશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારે ખાનગી ક્ષેત્ર પર પણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે, અને પરિણામે, અમે સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન જેવા મહત્વપૂર્ણ અને મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં મજબૂત રીતે આગળ વધી રહ્યા છીએ. આજે, દેશભરમાં આશરે ૧૦ ફેબ્રિકેશન પ્લાન્ટ સ્થાપિત થઈ રહ્યા છે. આત્મનિર્ભરતા પર ભાર મૂકતા રાજનાથ સિંહે કહ્યું કે આત્મનિર્ભરતાનો વિચાર ફક્ત અમારી સરકાર માટે એક સૂત્ર નથી, પરંતુ ભારતની પ્રાચીન પરંપરાનું આધુનિક સ્વરૂપ છે. ઇતિહાસમાં એક સમય હતો જ્યારે લગભગ દરેક ગામ પોતાનામાં એક ઉદ્યોગ હતું. ભારતને સોનાની પક્ષી કહેવામાં આવતું હતું કારણ કે આપણે આપણી જરૂરિયાતો માટે બહાર જોતા નહોતા, પરંતુ તેને આપણી પોતાની ભૂમિ પર જ પૂર્ણ કરતા હતા. ઉત્પાદન અને ઉચ્ચ ટેકનોલોજીમાં સ્વદેશીકરણને પ્રાથમિકતા આપીને, અમે તે પરંપરાને આધુનિક બનાવવાનો પ્રયાસ કર્યો છે.

ઓપરેશન સિંદૂર અંગે રાજનાથ સિંહે કહ્યું કે આ ઓપરેશનની સફળતાનો શ્રેય ફક્ત આપણા સૈનિકોને જ નહીં પરંતુ મિશનને સફળ બનાવવા માટે પડદા પાછળ કામ કરનારા બધાને પણ જાય છે. તમારા જેવા ઉદ્યોગ યોદ્ધાઓ, જેમણે નવીનતા, ડિઝાઇન અને ઉત્પાદનની આગળની હરોળમાં અથાક મહેનત કરી, તેઓ પણ આ વિજયના એટલા જ હકદાર છે.

### આ વર્ષની દિવાળી ઘણાખરા અંશે મહત્વની પુરવાર થઈ

# તહેવારોમાં ૬૮ હજાર લોકોએ પ્રધુમન પાર્કની લીધી મુલાકાત

## ભારે ભીડ હોવાના કારણે છ ટિકિટ બુકિંગ કાઉન્ટર મનપાએ કર્યા'તા શરૂ : વાહન પાર્કીંગમાં મુશ્કેલી ન પડે તે માટે વધારાના સીક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા

રાજકોટ, તા. ૨૭

આ વર્ષની દિવાળી ઘણાખરા અંશે મહત્વની પુરવાર થઈ છે કારણ કે એસટી ડિવિઝન ની આવકમાં પણ વધારો થયો તો સામે લોકોએ પ્રદ્યુમન પાર્ક ની પણ મુલાકાત લીધી જે ગત વર્ષની સરખામણી કરતા પણ વધુ હોવાનું જણાઈ રહ્યું છે દિવાળીની રજાઓમાં રાજકોટ સહિત આસપાસના ગામડાઓના લોકો ઝુ ની મુલાકાતે આવ્યા હતા. અને કહી શકાય કે છ દિવસમાં ૬૮,૦૦૦ થી વધુ લોકોએ પ્રદ્યુમન પાર્કની મુલાકાત લીધી હતી.

મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણી ઉદ્યાનમાં હાલ સૌરાષ્ટ્ર ના અલગ અલગ વિસ્તારોમાંથી લોકો અહીં ફરવા માટે આવતા હોય છે ને આ એક ઉત્તમ સ્થાન તરીકે પણ પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે એટલું જ નહીં અટલ સરોવરમાં પણ જાવાનું લોકો પસંદ કરે છે. ત્યારે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ તારીખ ૨૧ થી ૨૬ સુધી ૬૮ હજાર મુલાકાત હોય પ્રદ્યુમન પાર્કની મુલાકાત લીધી હતી અને રજાને મન મૂકીને માણી હતી.



દિવાળીના તહેવારો દરમિયાન ઝૂ ખાતે ૬ માસ પહેલા જન્મ થયેલ ૨ સફેદવાઘ બાળને તેની માતા સાથે મુલાકાતીઓ માટે પ્રદર્શીત કરવામાં આવેલ છે. જે ખેલતા કુદતા સફેદવાઘ બાળ મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા. તહેવારનાં દિવસોમાં મુલાકાતીઓની વિશેષ ભીડ રહેતી હોવાથી તંત્ર દ્વારા ટીકીટ બુકીંગ માટે ૬ બુકીંગ કાઉન્ટર શરૂ કરવામાં આવ્યા હતા.

મુલાકાતીઓ માટે ફર્સ્ટ એઇડ સુવીધા, વાહન પાર્કીંગમાં મુશ્કેલી ન પડે તે માટે વધારાના સીક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા, બેટરીકાર માટેનું અલગ સ્ટેન્ડ, માઇકીંગ સીસ્ટમ, સમગ્ર ઝૂ પરીસરમાં વહેલી સવારથી જ દૈનીક સફાઇ વ્યવસ્થા કરાયા હતા.હાલ રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે જુદી જુદી ૬૫ પ્રજાતિઓનાં કુલ ૫૯૨ વન્યપ્રાણી, પક્ષીઓ પ્રદર્શિત કરવામાં આવે છે. જેમાં ખાસ આકર્ષણ ધરાવતા એશિયાઇ સિંહ, સફેદ વાઘ, રોયલ બેંગાલ ટાઇગર, દિપડા, હિમાલયનાં રીંછ, સ્લોથ રીંછ, જળ બિલાડી, ચાર પ્રકારનાં શ્વાનકુળનાં પ્રાણીઓ, ત્રણ પ્રકારનાં વાંદરાઓ, વિવિધ પ્રજાતીઓનાં સાપ, બે પ્રકારની મગર, જુદી જુદી પ્રજાતીઓનાં હરણો તથા વિવિધ પ્રજાતિનાં પક્ષીઓ વિગેરેઓને આધુનીક પાંજરાઓ બનાવી મુલાકાતીઓ માટે પ્રદર્શીત કરી વન્યપ્રાણીઓનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવે છે.

આ ઉપરાંત આધુનિક સાપઘર, માછલીઘર અને ઝૂ ઇન્ટરપ્રીટેશન સેન્ટર મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહેલ છે તેમ, મેયર નયનાબેન પેઢડિયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા અને બાગ બગીચા અને ઝૂ સમિતિનાં ચેરમેન સોનલબેન સેલારાએ જણાવ્યું હતું. મળતી માહિતી મુજબ મહાનગરપાલિકા દ્વારા હજુ પણ પ્રદ્યુમન પાર્કને સારી રીતે રીનોવેટ કરવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે ત્યારે તંત્ર માટે મહત્વનું એ જ છે કે વધુને વધુ રાજકોટમાં ફરવા લાયક સ્થાનો ઊભા કરવામાં આવે જેથી લોકો મન મૂકીને માણી શકે.

# રાજકોટના ૧૦૦ યુવાનોને રોજગાર લક્ષી પત્રો એનાયત

## રાજ્યભરમાં ૫૧ હજાર યુવકોને રોજગાર મેળા અંતર્ગત નિમણૂક પત્રો અપાયા



રાજકોટ, તા. ૨૭

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર નું માનવું છે કે દેશનો નવયુવાન રોજગારી મેળવે અને પરિવારની સાથોસાથ દેશનું નામ પણ રોશન કરે તે ખૂબ જરૂરી છે ત્યારે આ સમયે તેઓને યોગ્ય રોજગારી મળે તે પણ એટલી જ જરૂરી છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા રોજગાર મેળાનું પણ સમયાંતરે આયોજન કરવામાં આવતું હોય છે અને તેમાં પસંદગી પામેલા નવ યુવાનોને રોજગારી પણ આપવામાં છે ત્યારે રાજકોટમાં ૧૦૦ નિમણૂક પત્ર એનાયત કરવામા આવ્યા હતા અને જેમાંથી ૪૦ તો પોસ્ટ વિભાગ અને બાકી રહેતા ૬૦ લોકોને અન્ય વિભાગમાં નિમણૂક આપવામાં આવી હતી.

સમગ્ર રાજ્યમાં રોજગાર મેળાનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે ત્યારે પ્રધાનમંત્રી ના નેતૃત્વમાં ૨૪ ઓક્ટોબરથી સરકારી વિભાગો તથા સંસ્થાઓમાં નવનિયુક્ત થયેલા ૫૧,૦૦૦ થી વધુ યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. એટલું જ નહીં આ પ્રસંગે પ્રધાનમંત્રી દ્વારા સ્પેશિયલ વિડીયો સંદેશ દ્વારા સંબોધન પણ કરવામાં આવ્યું હતું. યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા માટે અર્થપૂર્ણ તકો પ્રદાન કરીને તેમને સશક્ત બનાવશે. દેશભરમાં ૪૦ સ્થળોએ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ મંત્રાલયો અને વિભાગો જેમ કે પોસ્ટ વિભાગ, રેલ્વે મંત્રાલય, ગૃહ મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ વગેરેમાં નવી ભરતી દ્વારા ઉમેદવારો કેન્દ્ર સરકારમાં જોડાયા. નવા નિયુક્ત થયેલા ઉમેદવારોને iG>OT કર્મયોગી પોર્ટલ પરના ઓનલાઈન મોડ્યુલ 'કર્મયોગી પ્રારંભ' દ્વારા પોતાને તાલીમ આપવાની તક પણ મળી રહી છે, જ્યાં 'ગમે ત્યાં કોઈપણ ઉપકરણ' શિક્ષણ માટે ૩૬૦૦ થી વધુ ઈ-લર્નિંગ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ નવા નિયુક્ત થયેલા ઉમેદવારોને મજબૂત પાયાની તાલીમ પૂરી પાડશે.

રાજકોટ ખાતે પોસ્ટમાસ્ટર જનરલ ઓફિસ, રાજકોટ રીજીયન, રાજકોટ દ્વારા ડો. એસ શિવરામ, ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસીસ, રાજકોટ રીજીયન, રાજકોટના નેતૃત્વમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ ખાતે કુલ ૧૦૦ નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા, જેમાંથી ૪૦ ઉમેદવારો ટપાલ વિભાગના અને ૬૦ ઉમેદવારો અન્ય વિભાગના છે. આ પ્રસંગે, નિમ્નલિખિત નયનાબેન પેઢડીયા, મેયર રાજકોટ પરશોતમભાઈ રૂપાલા, માનનીય સાંસદ, લોકસભા રાજકોટ, રામભાઈ મોકરિયા, સાંસદ-રાજ્યસભા, ડો. માધવ દવે, પ્રમુખ, ભારતીય જનતા પાર્ટી, રાજકોટ શહેર, કૌશલકુમાર ચૌબે, એડી. ડીવીઝનલ રેલવે મેનેજર, રાજકોટ મહાનુભાવ/અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને નવા ભરતી થયેલા ઉમેદવારોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું.

### એક્સ્ટ્રા બસ દોડાવતા જ ૮ કરોડની આવક : ચાર લાખ મુસાફરોએ સલામત સવારી એસટી અમારીનો લીધો લાભ

# રાજકોટ ડા ડિવિઝનને ફળી દિવાળી

રાજકોટ, તા. ૨૭

સમગ્ર રાજ્યમાં એસટી નિગમ સમયાંતરે ખૂબ મોટી આવક કરી રહ્યું છે ત્યારે વર્ષોની જેમ દિવાળી નિમિત્તે પણ એસટી નિગમ એ ધારી એવી આવક કરી છે ત્યારે રાજકોટની જો વાત કરવામાં આવે તો રાજકોટ સહિત રાજ્યભરમાં વિવિધ રૂટો પર કુલ ૨૬૦૦ જેટલી એક્સ્ટ્રા બસ દોડાવવામાં આવી હતી અને આ નિર્ણય એસટી નિગમ માટે આશીર્વાદરૂપ નીવડ્યો હતો. ત્યારે તારીખ ૧૬ થી ૨૦ દરમિયાન એસ.ટી.ની ગમે માત્ર એક્સ્ટ્રા બસ મુકતાની સાથે જ ૮ કરોડ જેટલી માતબર આવક કરી લીધી હતી. તહેવાર દરમિયાન

૮૭૭૭ એક્સ્ટ્રા ટ્રીપો જુદા-જુદા રૂટો ઉપર છોડાવી હતી.જે થકી તંત્રને કરોડોની વધારાની આવક થઈ હતી. અને આ એક્સ્ટ્રાબસોનો ૪ લાખ જેટલા મુસાફરો એ લાભ લીધો હતો. દિવાળી દરમ્યાન મોટાભાગે અમદાવાદ, સુરત, સોમનાથ, દ્વારકા, દિવ, ઉના,આબુ, અમરેલી,



ભાવનગર, મોરબી, જૂનાગઢ, અને જામનગર, રૂટ ઉપર ચિક્કાર ટ્રાફિક જોવા મળેલ હતો.

જયારે હાલમાં પણ રિર્ટન ટ્રાફિક જોરદાર નિકળ્યો છે. અને રાજકોટ વિભાગને છેલ્લા ત્રણ દિવસથી દૈનિક ૮૦ લાખથી વધુની આવક થઈ રહી છે.રાજકોટ એસ.ટી.નાં સુત્રોનાં જણાવ્યા મુજબ ગત તા.૧૬ થી ૨૧ દરમ્યાન જ વિભાગને કુલ રૂ૪૦ કરોડની આવક થઈ છે. જેમાં એક્સ્ટ્રા સંચાલનથી જ રૂ૪૦ લાખની આવક સામેલ છે. અને હજુ પણ મોટાભાગની બસો ફુલ દોડી રહી છે.

ઉલ્લેખનિય છે કે ગુજરાત એસ.ટી નિગમ તેની ૮૦૦૦ થી વધુ બસો થકી દૈનિક ૩૨ લાખ કી.મી. સંચાલન હાથ ધરી ૨૭ લાખ મુસાફરોને અસરકારક જાહેર પરિવહનની સેવાઓ પૂરી પાડે છે. નિગમ ૩૮૦૦૦ થી વધુ કર્મચારીઓ દિવસ રાત, ૩૬૫ દિવસ પ્રજાની સેવા માટે કાર્યરત છે.સરકાર માર્ગદર્શનમાં નિગમ દ્વારા વિવિધ તહેવાર, ધાર્મિક મેળા તથા સામાજિક પ્રસંગોમાં એક્સ્ટ્રા સંચાલન હાથ ધરી રાજ્યની જનતાને બસ સેવા પૂરી પાડે છે. ચાલુ વર્ષે રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી સુરત નોકરી તથા ધંધા માટે સ્થાઈ થયેલ રત્નકલાકારો, શ્રમજીવીઓ વિગેરેને દિવાળીના તહેવારોમાં મોટા પ્રમાણમાં પોતાના માદરે વતન તરફ પરિવાર સાથે દિવાળી ઉજવણી કરવા જતા હોય છે ત્યારે આ મુસાફરો માટે ગુજરાત એસ.ટી નિગમ ખાસ એક્સ્ટ્રા સંચાલન હાથ ધરેલ્યુ હતું. ગત વર્ષની જો વાત કરવામાં આવે તો ૧૪૦૦ જેટલી બસ દોડાવવામાં આવી હતી અને સામે પ્રમાણસર આવક પણ થઈ હતી.

# તણાવમુક્ત શિક્ષણ અંગે મહત્વની બેઠક

## બેઠકમાં શાળાઓમાં ફરિયાદ રજિસ્ટર નિભાવવા તેમજ શાળા સલાહકાર સાથે સંકલન સાધવા તાકીદ : વિદ્યાર્થીઓને ભવિષ્યના પ્રશ્નો સંદર્ભે માનસિક રીતે તૈયાર કરીને જાગૃત કરવા સૂચના

રાજકોટ, તા. ૨૭

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે તણાવમુક્ત શિક્ષણ અંગે જિલ્લા સમિતિની બેઠકનું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓની તણાવમુક્તિ અને માનસિક હિતોના રક્ષણની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં શાળાઓમાં ફરિયાદ રજિસ્ટર નિભાવવા તેમજ શાળા સલાહકાર ભાવનાબેન ભોજાણીએ રાષ્ટ્રીય મહિલા આયોગ સાથે સંકલન કરીને શાળા કક્ષાએ વિદ્યાર્થીઓને ભવિષ્યના પ્રશ્નો સંદર્ભે માનસિક રીતે તૈયાર કરીને જાગૃત કરવા માટે સૂચના આપી હતી. રાજકોટ જિલ્લા



પ્રાથમિક શિક્ષણાધિકારી દીક્ષિતભાઈ પટેલે શાળાઓમાં એન્ટી રેગિંગ સેલ, સાયકોલોજી સેલ, જાતિગત ભેદભાવ સેલ, ઇક્વલ ઓપરચ્યુનિટી સેલ અને ફરિયાદ નિવારણ સેલની રચના વિશે જાણકારી આપી હતી. અને વિદ્યાર્થીઓના કાઉન્સેલિંગ માટે તાલુકા અને શહેર કક્ષાએ હેલ્પલાઇન નંબર શરુ કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે ૧૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓમાં જિલ્લા કક્ષાએ આઠ જેટલા કાઉન્સેલર દ્વારા વિદ્યાર્થીઓનું રૂબરૂ કાઉન્સેલિંગ કરવામાં આવે છે અને દર વર્ષે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમો શાળાઓમાં યોજવામાં આવે છે.

નોડલ એજ્યુકેશન ઇન્સ્પેક્ટર યોગેશભાઈ ભટ્ટે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી માનસિક સ્વસ્થતાના કાર્યક્રમ અંતર્ગત થતી કામગીરી, તેની પૃષ્ઠ ભૂમિકા અને આગામી આયોજનની વિસ્તૃત વિગતો રજૂ કરી હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના હેડ યોગેશભાઈ જોગસણે તણાવમુક્તિ બાબતે એક્શન પ્લાન રજૂ કર્યો હતો. મનોવિજ્ઞાનના આસિસ્ટન્ટ પ્રોફેસર ડોક્ટર ધારાબેન દોશીએ સ્ટ્રેસ મેનેજમેન્ટ માટે કરેલી કામગીરીની માહિતી આપી હતી. તેમજ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીએ બાળ સુરક્ષાની કામગીરી જણાવી હતી. આ તકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આર. આર. ફુલમાળી, સમાજ કલ્યાણ, પોલીસ, બાળ સુરક્ષા સહિતના સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં, તેમ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીની યાદીમાં જણાવાયું છે.

### જરૂરીયાતમંદ નાના માણસોની સાથે દાઝ્યા પર ડામ આવ્યા જેવું થયું

# લોનના બહાને ગઠીયાએ પાંચ લોકોને ઉતાર્યા શિસામાં

## લોકો પાસેથી અલગ અલગ ચાર્જના નામે નાણા ખંખેરી કહેવાતો એજન્ટ ગાયબ થઇ ગયોઃ રાજ્યભરમાં આવા લેભાગુ હાલી નીકળ્યા છેઃ ચેતતા રહેવું જરૂરી

રાજકોટ, તા..૨૭

વર્ષ ભલે બદલાયુ હોય, નિયમો ભલે બદલાયા હોય પરંતુ ગઠીયાઓની કામગીરી બદલાઇ નથી. ગામને છેતરવાના ધંધા ચાલુ જ રખાયા છે. લોન અપાવી દેવાના નામે ભેજાબાજ પાંચ લોકોને ચૂનો લગાવી ગયો છે. અલગ અલગ રીતે ફ્રોડ થતા રહે છે તેમાં વધુ એક નવો કિમીયો સામે આવ્યો છે. ફાઇલ ચાર્જ અને વીમાના પૈસાના નામે નાણા ઉઘરાવ્યા બાદ ગઠીયો લોન અપાવી દેવાના બદલે આ નાણા ઉસેડી ગાયબ થઇ ગયો હતો. છેતરાયેલા પાંચ લોકો પોલીસ પાસે પહોંચતા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

લેભાગુ એજન્ટો રાજ્યભરમાં ફુટી નીકળ્યા છે જેઓ તત્કાળ લોનના નામે જરૂરીયાતમંદોને છેતરી રહ્યા છે. આવો જ એક વધુ કિસ્સો સામે આવ્યો છે જેમાં વડોદરા શહેરના ગુરુકુળ સર્કલથી હાઇવે તરફ જવાના માર્ગે આવેલ નારાયણ સ્મુતી હોસ્પિટલ સામે કેપિટલ ફાઇનાન્સના ઓફિસ ધરાવતા એજન્ટે લોન અપાવવાનું કહીને પાંચા લોકો પાસેથી બે લાખ એકોતેર હજાર પડાવી લઈ લોન ન આપતા આખરે આ મામલે કપુરાઇ પોલીસ સ્ટેશનમાં ઠગાઇની ફરિયાદ નોંધાઇ છે. અહિ ફ્રોડની રકમ નાની છે પરંતુ જરૂરીયાતમંદ લોન લેવા ઇચ્છુકો સાથે થયેલુ ફ્રોડ આ લોકોને દાઝ્યા પર ડામ આપી ગયા જેવું છે. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ વડોદરાના વાઘોડિયા તાલુકાના વેડપુર બાલવાડી ખાતે રહેતા વાસુદેવ બળવંતસિંહ ચૌહાણે ફરીયાદ નોંધાવી જણાવ્યું છે કે મને પેપરમાં આવેલા પેમ્પલેટથી જાણવા મળ્યું હતું કે, વડોદરામાં અમીતભાઈ પટેલ તાત્કાલિક લોન કરી આપે છે.

જેથી મને પણ લોનની જરૂર હોવાથી મેં તેના પેમ્પલેટ ઉપર આપેલા મોબાઇલ નંબર પર વાત કરતા આ ભાઈએ જણાવ્યું હતું કે, અલગ અલગ પ્રકારની લોન કેપીટલ ફાઈનાન્સમાંથી મળે છે. જેથી મારે ખેતી માટે લોન જોઈએ છીએ તેવી વાત કરતા મને લોકેશન મોકલી કહ્યું હતું કે, તમે ઓફિસ




આવજો. જેથી હું એ જ દિવસે આપેલા લોકેશન મુજબ ઓફિસે ગયો હતો. કેપીટલ ફાઈનાન્સ નામની ઓફિસમાં લોન માટે ગયા બાદ ઓફિસમાં અમિત પટેલ મળ્યો હતો. ત્યારે તેઓએ લોન બાબતે કહ્યું કે, તાત્કાલીક લોન ના મળે પચ્ચીસ દિવસ જેટલો સમય લાગે તેમ કહ્યું હતું. પહેલા ફાઈલ ચાર્જ ૪૫૦૦ રૂપિયા અને વીમાના ચાર ટકા લેખે રકમ ભરવી પડશે તેમ જણાવ્યું હતું.

આથી મેં પંદર લાખની વાત કરતા મને ઓકટોમ્બરની પાંચથી દસ તારીખમાં સાઇઠ હજાર હજાર વીમાના રૂપિયા ભરવા પડશે તેમ કહેતા મેં ૧૫ સપ્ટેમ્બરના રોજ ઓફિસ આવી ફાઇલ ચાર્જના રૂ. ૪૫૦૦ રોકડા આપ્યાં હતા. બાદમાં આધારકાર્ડ, ચુંટણી કાર્ડ, પાનકાર્ડ, રેશનકાર્ડની ઝેરોક્ષ જમીનના દસ્તાવેજ આપ્યાં હતા અને ફોર્મ ઉપર સહીઓ કરાવી હતી, પરંતુ મને કોઈ પહોંચ આપી ન હતી. ત્યાર બાદ મને ઓકટોમ્બરની પાંચથી દસ તારીખ વચ્ચે વીમાની રકમ સાઇઠ હજાર ભરી જવા જણાવ્યું હતું. ત્યારબાદ વચ્ચે બે-ત્રણ વખત મેં ફોનથી લોનની ખાતરી કરી હતી. આ પછી અમિત પટેલે તમારી લોન મંજૂર થઈ ગઇ છે તેમ જણાવ્યું હતું.

જેથી હું અમિત પટેલની ઓફિસ આવ્યો હતો અને રૂપિયા સાંઇઠ હજાર રોકડા ભર્યાં હતા. બાદમાં તમારા ખાતામાં લોનના રૂપિયા જમા થઈ જશે તેમ કહ્યું હતું પરંતુ લોન જમા થઈ ન હતી. બાદમાં મને તેરઓક્ટોબરે જાણવા મળ્યું હતું કે અમિત પટેલ બીજા લોકોને પણ મારી જેમ લોન અપાવવાનું કહી રૂપિયા લઈ ભાગી ગયો છે. અમિત પટેલે લોન અપાવવાના બહાને મારી પાસેથી રૂ. ૬૪,૫૦૦ રૂપિયા પડાવી લીધા છે. આ ઠગે મિહીરભાઈ બાબુભાઈ વણકરની પાસેથી રૂ.૩૨૫૦૦ તથા આકાશ સંજયભાઈ વસાવાના રૂપિયા ૬૫૦૦૦ તથા વાસુદેવ કનુભાઈ વસાવા પાસેથી રૂ.૬૪૫૦૦ તથા વિનોદ ચીલે પાસે રૂ.૪૪૫૦૦ મળી કુલ રૂ.૨,૭૧,૦૦૦ની ઠગાઇ આચરી હતી. પરંતુ લોન અપાવી ન હતી. અન્ય ઘણા લોકોના રૂપિયા લોન અપાવવાના બહાને લઈ ભાગી ગયો હોવાની વિગતો આધારે કપુરાઇ પોલીસ દ્વારા ઠગ એજન્ટ અમિત પટેલ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતાં. આમ લોન અપાવવાના નામે વધુ એક ફ્રોડમાં પાંચ નાના માણસો છેતરાઇ ગયા હતાં. આ પ્રકારની છેતરપીંડી રાજ્યભરમાં અમુક લેભાગુ કહેવાતા લોન એજન્ટો દ્વારા કરવામાં આવતી હોઇ ગમે તેના પર ભરોસો નહિ મુકવો એ સલામતીભર્યુ પગલુ ગણાશે.

રોકાણ પર સો દિવસમાં બારથી પંદર ટકા વળતરની લાલચ આપી ફસાવ્યા

# ઠગ દંપતિનો નવ લોકોને ૯૯ લાખનો ડામ

## મુળ બાબરા ઉંટવડના સોફ્ટવેર ડેવલપર સહિતનાએ નાણા ગુમાવ્યાઃ ઠગ દંપતિએ રોકાણકારોને આકર્ષિત કરવા ફિલ્મ સ્ટારોનો કર્યો હતો ઉપયોગ

રાજકોટ તા. ૨૭

રાજ્યભરમાં બહુ ગાજેલા શાહ દંપતિનું વધુ એક જબરૂ કારસ્તાન ખુલ્યું છે. શાહ ઈન્વેસ્ટમેન્ટના નામે મસમોટુ ફુલેકુ ફેરવાનારા આ દંપતિએ સોફ્ટવેર ડેવલપર સહિત વધુ ન વેપારીઓના અધધધ નવ્વાણું લાખ ચાંઉ કરી લીધાનું સામે આવ્યું છે. ફિલ્મ સ્ટાર્સનો ઉપયોગ કરી રોકાણકારોને રોકાણ કરવા લલચાવીને આ ઠગ દંપતિએ અનેકને શીશામાં ઉતારી દીધા છે.

વિગતો પર નજર કરીએ તો સુરતમાં સિંગણપોર કોઝ વે રોડ ઉપર સિલ્વર સ્ટોન આર્કેડમાં શાહ ઈન્વેસ્ટમેન્ટના નામે શેર ટ્રેડિંગની ઓફિસ ખોલી કરોડોનું ફુલેકું ફેરવનાર શાહ દંપતીના વધુ એક કારસ્તાનનો ભાંડો ફૂટ્યો છે. ત્રીજો ગુનો હવે કાપોદ્રા પોલીસમાં નોંધાયો છે. વરાછાના સોટવેર ડેવલપર સહિત નવ વેપારીના નવ્વાણું લાખ સલવાય જતા મામલો પોલીસ દફતરે પહોંચ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છેકેસુરતમાં ગુજરાતી કલાકારોના વીડિયોથી રોકાણ કરવા માટેની જાહેરાતો કરી ઝાંસો આપી આરોપીઓએ કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવ્યું છે.પોલીસ સુત્રોએ આપેલી વધુ માહિતી અનુસાર નાના વરાછા વિસ્તારમાં આવેલી વંદના સોસાયટીમાં રહેતા હરેશ રામજી ડુંગરાણીએ સોશિયલ મીડિયા પર જાહેરાત જોઈ સિંગણપોરકોઝ વે રોડ ઉપર સિલ્વર સ્ટોન આર્કેડમાં શાહ ઈન્વેસ્ટમેન્ટની ઓફિસમાં પહોંચ્યા હતા. અહીં તેમને રોકાણ પર સો દિવસમાં ૧૨થી ૧૫ ટકાના વળતરની લાલચ આપવામાં આવી હતી. યુવકે અગીયાર લાખ રૂપિયા રોક્યા હતા. જેમાંથી આરોપીઓએ માત્ર એક લાખ ચિમોતેર હજાર રૂપિયા આપી ઠેંગો બતાવી દેવાયો હતો.

વધુ વિગતો મુજબ આ પેઢીની મેનેજિંગ ડિરેક્ટર પૂજા હાર્દિક શાહ અને ફાઉન્ડર હાર્દિક અશોક શાહ બંને કતારના રહેવાસી છે. નાણાં ચૂકવતાં ન હતા. આ પહેલા પાંચને ૩૦.૯૫ લાખનો ચૂનો લગાવનાર દંપતી વિરુદ્ધ ચોકબજાર પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી. વધુમાં શાહ દંપતી સામે સીઆઇડી ક્રાઈમમાં પણ ગુનો દાખલ થયો હતો. યુગલે સોશિયલ મીડિયાના




પ્લેટફોર્મ પર જુદા-જુદા સોશિયલ ઈન્લુએન્સર, ગુજરાતી કલાકારોના વીડિયો બનાવી તે વીડિયોથી શાહ ઈન્વેસ્ટમેન્ટના રોકાણની સ્કીમની જાહેરાતો કરી હતી. ઝાંસામાં આવી અનેક રોકાણકારોએ કંપનીમાં રોકાણ કર્યુ હતું. જે પૈકી ભાવનગર-મહુવાના જય અંબે નગરમાં રહેતા પાર્થ રતિલાલ પંડ્યાએ ૫૮ લાખ અને ભાવનગર-મહુવાના સ્વામિનારાયણ ધામ ખાતે રહેતા અશ્વિન રાણાભાઈએ ૭૫ લાખ ગુમાવ્યા હતા. શાહ દંપતી સામે રૂ. ૧.૩૩ કરોડના ચીટિંગનો ગુનો સીઆઇડીમાં નોંધાયો હતો. હવે ત્રીજો ગુનો કાપોદ્રા પોલીસમાં દાખલ થયો છે. વરાછા-હીરાબાગ ખાતે આદર્શનગર સોસાયટીમાં રહેતા મુળ અમરેલીના બાબરા તાબેના ઉંટવણ ગામના ઓગણત્રીસ વર્ષના મિલન ભરત ભાતિયાએ નોંધાવ્યું છે. તેઓ આઈટીને લગતું કોંડિંગ અને સોટવેર બનાવવાનું કામ કરે છે.

સરથાણા જકાતનાકા ખાતે ચીકુવાડીમાં વિનાયક કોમ્પ્લેક્સમાં તેમની ઓફિસ આવેલી છે. મિત્ર હસ્તક પૂજા અને હાર્દિક શાહ તેમની ઓફિસે આવ્યા હતા. તેઓની લોભામણી લાલચ અને ઝાંસામાં આવી જઈ મિલનભાઈએ ૩૦ લાખનું રોકાણ કર્યુ હતું. આ રીતે આઠ મિત્રોએ પણ શાહ ઈન્વેસ્ટમેન્ટમાં ચા વળતરની લાલચે નાણાં રોક્યા હતા. કંપની સેબી રજિસ્ટર્ડ ન હોવા છતાં લટા ચશ્માં પહેરાવ્યા હતા. શાહ દંપતીએ ઉઠમણું કરતા મિલનભાઈ અને તેમના ૮ મિત્રોના રૂ. ૯૮.૫૦ લાખ ફસાઇ ગયા હતા. કાપોદ્રા પોલીસે હાર્દિક શાહ અને તેની પત્ની પૂજા સામે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ આદરી હતી. શાહ ઈન્વેસ્ટમેન્ટમાં રોકાણ કરનારા અનેક લોકોના રૂપિયા ડૂબી ગયા છે.

ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી ત્રણ ગુના પોલીસ મથકે નોંધાયા હતાં. આગામી દિવસોમાં શાહ દંપતીએ કરેલા ઉઠમણાંનો આંકડો વધે તેવી શક્યતા છે. કાપોદ્રા પોલીસ બંને આરોપીનો જેલમાંથી કબજો મેળવી ધરપકડ કરશે અને ડાણપૂર્વક પૂછપરછ કરે તો ચોંકાવનારા ખુલાસા થવાની પણ શક્યતા જણાઈ રહી છે. આ ઉઠમણાંનો આંકડો અનેક ગણો મોટો હોવાની શક્યતા છે. ગુજરાતી ફિલ્મ સ્ટારો પાસે પ્રમોશન કરાવી શાહ યુગલે મોટું ફૂલેકું ફેરવ્યું હતું. હવે નવ્વાણું લાખના ફ્રોડનો વધુ એક ગુનો સામે આવતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

# હેવાનીયતની હદ : વૃધ્ધા સાથે છરીની અણીએ બળાત્કાર

## રાતે ઓસરીમાં સુતેલા વૃધ્ધા બન્યા શિકાર પોલીસે મહેશ નામના શખ્સની શરૂ કરી શોધખોળ

રાજકોટ તા. ૨૭

હવસખોરીની રોજબરોજ રાજ્યમાં અલગ અલગ ગામ કે શહેરમાં ઘટના બનતી રહે છે. દરમિયાન એક ચોંકાવનારી ખળભળાટ મચાવતી ઘટના સામે આવી છે. જેમાં એક હવસખોરે છરીની અણીએ એક ડોસીમા સાથે બળાત્કાર ગુજારી લીધો છે. પંચ્યાસી વર્ષના આ વૃધ્ધા હવસખોરીનો શિકાર બનતાં ભાવનગર પંથકમાં ખળભળાટ મચી ગયો છે.

વિગતો પર નજર કરીએ તો ભાવનગના તળાજા પોલીસ મથકે ધૃણાસ્પદ કહી શકાય તેવી દુષ્કર્મની ફરિયાદ નોંધાઇ છે.જેમાં સરતાનપર બંદરના શખ્સે પંચ્યાસી વર્ષની વૃદ્ધાને શિકાર બનાવ્યા છે. વૃદ્ધા પ્રતિકાર ન કરે તે માટે શખ્સે છરી બતાવી ડાબા હાથે ઈજા કરી હવસ સંતોષી હતી.પોલીસે આ હવસખોરની શોધખોળ શરૂ કરી છે. પંચ્યાસી વર્ષના વૃધ્ધ સાથે બળજબરીની આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે. ભાવનગરના તળાજા તાલુકાના સરતાનપર ના મહેશ મનુભાઈ ચુડાસમા નામના શખ્સ વિરૂધ્ધ નોંધાયેલ ફરિયાદમા ભોગ બનનાર પોતાની દીકરીના ઘરે ઓસરીમા સુતા હતા આ વખતે રાત્રીના ત્રણથી ચાર વાગ્યાના અરસામાં આરોપી મહેશ ચુડાસમાએ ઓસરીમા સુતેલા વૃધ્ધાનું મોઢુ દબાવી છરીથી ડાબા હાથે ઈજા કરી ધમકી આપી બળાત્કાર ગુજારી લીધો હતો. આ ઘટના જાહેર થતાં તળાજા પોલીસે ગુન્હો દાખલ કરી આરોપીને પકડી પાડવા, તેમના વિરુદ્ધ કેસ મજબૂત કરવા માટે સાયન્ટિફિક સહિત સ્થળ પરના જોઇતા પુરાવાઓ એકઠા કરવા તપાસ હાથધરી હતી. હવસખોરીની હદવ વટાવી દેવાની આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે.

# પ્રકાશ સોસા.માં થયેલી ચોરીમાં દંપતિ સહિત ત્રણ પકડાયા

## રિનોવેશન થઇ રહ્યું હતું તે મકાનમાંથી ચોરી ગયા હતાં સામાનઃ ગાંધીગ્રામ પોલીસે ડીટેક્શન કર્યુ

રાજકોટ તા. ૨૭

ચોરીના વધુ એક બનાવમાં પોલીસે ડિટેક્શન કરી દંપતિ સહિત ત્રણને પકડ્યા છે. શહરેના નિર્મલા રોડ પર પ્રકાશ સોસાયટી-૬/૨ના ખુણે ગોકુલ નામના મકાનનું રિનોવેશન કામ ચાલુ હોઇ અહિ રખાયેલો હાર્ડવેર, બાથરૂમ ફીટીંગનો એક લાખ સાંઇઠ હજારનો માલસામાન ચોરાઇ ગયો હતો. આ ગુનાનો ભેદ ગાંધીગ્રામ પોલીસે ઉકેલી બે મહિલા કુબલીયાપરા-૫માં રહેતી લક્ષ્મી વિજય સોલંકી તથા ભારતી ધર્મેશ સોલંકીને પકડી લઇ ચોરાઉ મુદ્દામાલ છુપાવી રાખનારા લક્ષ્મીના પતિ વિજય રાયધનભાઇ સોલંકીને પણ પકડી લીધો હતો.

સહકાર મેઇન રોડ સ્વામિનારાયણ મંદિરવાળી શેરીમાં અક્ષરધામ એપાર્ટમેન્ટમાં રહેતાં જેવીનભાઇ રત્નેશભાઇ રાજદેવ ની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો. તેનું મકાન પ્રકાશ સોસાયટીમાં હોઇ તેમાં રિનોવેશન કામ ચાલુ હોઇ અહિથી રૂા ૧,૬૦,૦૦૦નો સામાન ચોરી જવાયો હતો. જેમાં ઇલેક્ટ્રીક વાયરના ૮ પેકેટ, ૩૮-હેન્ડલ, ૩૮-દરવાજાના લોક, બાથરૂમ એસેસરીઝના ૪૦ નળ, મિસ્ત્રી કામના ઓજારો, ડ્રોઅરની ૧૫ ચેનલો સહિતનો સામાન હતો. ડી. સ્ટાફના હેડકોન્સ. રવિભાઇ ગઢવી, રોહિતદાન ગઢવી અને શબ્બીરખાન મલેકની બાતમી પરથી આ ગુનો ઉકેલાયો છે. ગાંધીગ્રામ પોલીસ ઇન્સ.એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ એમ. વી. જાડેજા, વી. ડી. રાવલીયા, કોન્સ. જયદેવસિંહ પરમાર, રઘુવીરસિંહ જાડેજા, ભરતભાઇ મકવાણા, ગીતાબેન પરમારે આ કામગીરી કરી હતી.

પૈસાની ખેંચ દૂર કરવા પ્લાન ઘડી અમલમાં મુક્યોઃ ભગવતીપરાના પૂલ નીચે સમી સાંજે બનાવ

# કડકાઇ દૂર કરવા ત્રિપુટીએ છરીની અણીએ બે મિત્રોને લૂંટ્યા

## રકમ નાની પણ પડકાર મોટોઃ શહેર SOGએ કલાકોમાં બે લૂંટારૂ પકડ્યાઃ ત્રીજાનું નામ ખુલ્યુંઃ ઝડપાયા તેમાં એક ટ્રાફિક ટોઇંગવેનનો કર્મચારી

રાજકોટ તા. ૨૭

રંગીલા મોજીલા રાજકોટમાં સમગ્ર શહેરીજનોએ તહેવારની મનભરીને ઉજવણી કરી છે. જો કે કેટલાક તહેવારો વખતે પણ શાંત રહ્યા નહોતાં. શહેરના ભગવતીપરા પૂલ નીચે મેલડી માતાના મંદિર નજીક યુપીના બે મિત્રોને ત્રણ શખ્સોએ ગળે છરી રાખી લૂંટી લેતાં સનસનાટી મચી ગઇ હતી. પોતાના વતનમાં ઓનલાઇન નાણા ટ્રાન્સફર કરવા હોઇ ભગવતીપરાની દૂકાને આ બંને મિત્રો જતાં હતાં ત્યારે લૂંટારૂ ત્રિપુટીનો શિકાર બન્યા હતાં. જો કે કલાકોમાં જ એસઓજીએ બે લૂંટારાને દબોચી લેતાં આબરૂ બચી હતી. ઝડપાયેલામાં એક શખ્સ ટ્રાફિક શાખાની ટોઇંગ વાનનો કર્મચારી છે. ત્રીજાની ઓળખ મળી જતાં શોધખોળ થઇ રહી છે.

વિગતો પર નજર કરીએ તો મોરબી રોડ લાતી પ્લોટ-૪માં રહેતાં મુળ યુપીના અલાહાબાદના મોંગલા ગામના ૧૯ વર્ષના મોહિત દિનેશકુમાર ગૌતમને રવિારે સાંજે સાડા ચારેક વાગ્યે ભગવતીપરા પૂલ નીચે મેલડી માતાજીના મંદિર નજીક જુના મોરબી રોડ પર આંતરી ત્રણ અજાણ્યા શખ્સોએ આંતરી જે હોય તે આપી દેવા કહી ગાળો દઇ ઝપાઝપી કરી સાડા સાત હજારની રોકડ લૂંટી લીધી હતી. લાતી પ્લોટ-૪માં રહેતો મોહિત ગૌતમ મુળ યુપીનો વતની છે અને બે મહિનાથી તે રાજકોટ રહી સાડીના રંગ કામની મજૂરી કરે છે. તેણે જણાવ્યું હતું કે રવિવારે સાંજે હું અને મારો મિત્ર છુટકાકુમાર બંને ભગવતીપરામાં દર્શ નામની દૂકાને પૈસા ટ્રાન્સફર કરાવવા જતાં હતાં. મારે સાડા સાત હજાર રૂપિયા મારા પરિવારને ઓનલાઇન મોકલવાના હતાં. અમે બંને ભગવતીપરા પૂલ નીચે રેલ્વેના પટા પહેલા



મેલડી માતાના મંદિર પાછળ આવેલા ખરાબા પાસે પહોંચ્યા ત્યારે ત્રણ અજાણ્યા શખ્સો આવ્યા હતાં.

જેમાંથી એક શખ્સે મારા ગળા પર છરી મુકી દીધી હતી અને-તમારી પાસે જેટલા પૈસા હોય એટલા આપી દો તેમ કહેતાં અમે બંનેએ અમારી પાસે કોઇ પૈસા નથી તેમ કહ્યું હતું. આથી આ ત્રણેય શખ્સો ગાળાગાળી કરવા માંડ્યા હતાં અને ઝપાઝપી કરી મને ગળા પાસે અને કોણી ઉપર ઇજા પહોંચાડી હતી. એક શખ્સે બળજબરીથી મારા પેન્ટના ખિસ્સામાં હાથ નાંખી સાડા સાત હજાર રૂપિયા લૂંટી લીધા હતાં. આ વખતે મારો મિત્ર છુટકાકુમાર ત્યાંથી ભાગી ગયો હતો અને મદદ માટે જોર જોરથી બૂમો પાડવા માંડ્યો હતો. જેની બૂમો સાંભળીને નજીકમાં જ મારા મિત્રો દિપકકુમાર, રાજુ, કમલ હોઇ તેઓ આવી ગયા હતાં. જો કે આ ત્રણેય રોકડ લૂંટી ભાગી ગયા હતાં. બાદમાં મેં ૧૧૨માં ફોન કરી પોલીસને બોલાવી બી-ડિવીઝન પોલીસમાં ફરિયાદ કરી હતી. લૂંટના આ ગુનાનો ભેદ કલાકોમાં શહેર એસઓજીની ટીમે એએસઆઇ રાજેશભાઇ બાળા અને હેડકોન્સ. સિધ્ધરાજસિંહ જાડેજાની બાતમી પરથી ઉકેલી નાંખ્યો છે.

એસઓજીએ બે શખ્સો કુલદીપ ઉર્ફ રાજ મોહનભાઇ મકવાણા (ભગવતીપરા ત્રિમુર્તિ ચોક) તથા જય ઉર્ફ જયલો વિક્રમભાઇ મકવાણા (પારેવડી ચોક, ખોડીયાર પરા)ને પકડી લીધા છે. આ બંનેની ઉમર ઓગણીસ અને ત્રેવીસ વર્ષની છે. જેમાં કુલદીપ મજૂરી કરે છે અને જય ઉર્ફ જયલો ટ્રાફિક શાખાની ટોઇંગ વાનમાં વાહનો ચડાવવા ઉતારવાનું કામ કરે છે. બંનેની પુછતાછમાં ત્રીજા શખ્સ રોહિત ધર્મેન્દ્રભાઇ દડૈયા-રહે. ખોડીયારપરાનું નામ ખુલતાં તેની શોધખોળ થઇ રહી છે. ત્રણેય મિત્રોને પૈસાની જરૂર હોઇ પ્લાન ઘડી લૂંટ ચલાવી હતી. પકડવાનો બાકી છે એ શખ્સ રોહિત અગાઉ પ્ર.નગર પોલીમસાં એક ગુનામાં સંડોવાઇ ચુક્યો છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત એસઓજી પોલીસ ઇન્સ. સંજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ વી. કે. ઝાલા, એએસઆઇ રાજેશભાઇ બાળા, હેડકોન્સ. સિધ્ધરાજસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ, હરદેવસિંહ જાડેજા, કોન્સ. અનોપસિંહ ઝાલાએ આ કામગીરી કરી હતી. વધુ તપાસ બી-ડિવીઝન પીએસઆઇ સ્યોરાઅ આદરી છે. તપાસમાં વધુ કોઇ આવા ગુના ઉકેલાય તેવી શક્યતા છે.

લેભાગુઓ અટકતા જ નથીઃ સસ્તામાં સોનાની લાલચ આપી બીછાવી દીધી જાળ

# નકલી સોનાના બિસ્કીટ ધાબડી છત્રીસ લાખની ઠગાઈ

## પોલીસે તપાસનો ધમધમાટ આદરતાં જ બે ગઠીયા આવી ગયા હાથમાંઃ વધુ ફ્રોડનો થશે પર્દાફાશ

રાજકોટ, તા. ૨૭

ગઠીયાગીરીની ઘટનાઓ નવા વર્ષમાં પણ અટકી નથી. ગોલ્ડ સ્કેમ આચરી ગઠીયાઓએ લોકોને નકલી સોનાના બીસ્કીટ પધરાવી છત્રીસ લાખની ઠગાઇ કરી લીધી હતી. અલગ અલગ પ્રકારે લોકોને છેતરી લેવાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. જેમાં સતત વધારો થઇ રહ્યો છે. રોકાણ પર મોટુ વળતર, શેરબજારમાં વળતર, બીટકોઇનમાં મોટુવળતર તેમજ ઘરે બેઠા કમાણી કરો, ટાસ્ક પુરો કરી આવક રળો એવા ગતકડા વહેતા મુકી ફ્રોડ આચરાતું હોય છે. ઓનલાઇનની સાથે ઓફલાઇન ફ્રોડની પણ અનેક ઘટનાઓ બનતી રહે છે. દરમિયાન દિવાળી તહેવાર આસપાસ ગઠીયાઓએ સસ્તામાં સોનાના નામે ડુપ્લેકટ બિસ્કીટ ધાબડી દઇ છત્રીસ લાખની ઠગાઇ કરી લીધી છે.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચે હાઈપ્રોફાઇલ ઠગાઈના ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડુપ્લિકેટ સોનાની બિસ્કિટ આપીને એક વેપારી પાસેથી ૩૬ લાખનું અસલી સોનું પડાવી લેનાર બે મુખ્ય આરોપીને સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી સુરત અને મુંબઈથી ઝડપી લેવામાં આવ્યા છે. આ ઠગાઈમાં પકડાયેલા એક આરોપી રત્નકલાકાર હોવાનું બહાર આવ્યું છે. આ સમગ્ર ઘટનામાં એફઆઇઅર નોંધાઇ હતી. પાસોદરાના રહેવાસી ફરિયાદી અમિતભાઈ જયંતીભાઈ ચાંદગઢીયા, જે જ્વેલરીના વેપારી છે, તેમનો સંપર્ક પ્રવીણ જૈન જે મહાવીર ગોલ્ડ નામે પુણેમાં ધંધો કરે છે તેવી ઓળખ આપનાર એક વ્યક્તિએ કર્યો હતો. આ ઠગે ફરિયાદી પાસેથી સોનાના અલગ-અલગ ડિઝાઈનના ૬ નંગ ડોકિયા સેટના ફોટા મંગાવ્યા હતા અને તેમાંથી એક સેટ પસંદ કર્યો હતો. ત્યારબાદ આરોપીએ ફરિયાદીને સલાબતપુરા રિંગ રોડ સ્થિત હિદાયા મસ્જિદ પાસે બોલાવ્યા હતા.

ફરિયાદી અમિતભાઈએ ૩૦૭.૪૨૦ ગ્રામ વજનના, ૨૨ કેરેટના, કિંમત ૩૬,૦૭,૭૫૨ના અસલ સોનાના ડોકિયા સેટ, આરોપીના કહેવા મુજબ તેના મિત્ર આરોપી નિકુંજ ધકાણને આપી દીધા હતા. અસલ સોનાના બદલામાં,




આરોપીઓએ પેમેન્ટના અવેજ તરીકે ૨૪ કેરેટનું પડ ચઢાવેલ ૧૦૦-૧૦૦ ગ્રામની ડુપ્લિકેટ સોનાની બિસ્કિટો આપી દીધા હતા. આ બિસ્કિટોને ખરા સોનાઁ તરીકે ઓળખાવી, આરોપીઓ ૩૬ લાખના અસલ સોના સાથે ઠગાઈ કરીને ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે સલાબતપુરા પોલીસે એફઆઈઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આ ગુનો વણશોધાયેલ હોવાથી ક્રાઇમ બ્રાન્ચની ટીમો તેને ઉકેલવા કામે લાગી હતી. પોલીસ માણસોએ ગુનાવાળી જગ્યાની આસપાસના તમામ સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી ચકાસણી કરી અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કર્યો. ફૂટેજના આધારે ખાનગી બાતમીદારોને આરોપીઓના ફોટા બતાવતા એક આરોપીની ઓળખ થઈ હતી.

પોલીસે બાતમીના આધારે પહેલા આરોપી હરેશ ઉર્ફે હરી પોપટભાઈ મોરડીયાને લસકાણા ખાતેથી પકડી પાડ્યો. હરેશ મોરડીયાનો મુખ્ય ધંધો હીરા ઘસવાની મજૂરીનો છે અને તે કાપોદ્રા સુરતનો રહેવાસી છે. ત્યારબાદ તેના અન્ય સાગરીત આરોપી નિકુંજ ખીમજીભાઈ ધકાણને મુંબઈ ખાતેની અલગ-અલગ હોટેલોમાં સર્ચ ઓપરેશન કરીને ઝડપી પાડવામાં આવ્યો હતો. નિકુંજ ધકાણ મૂળ અમરેલીનો વતની છે અને હાલ નવી મુંબઈમાં રહેતો હતો. પકડાયેલા આરોપીઓ એક સુનિયોજિત પદ્ધતિથી ઠગાઈ કરતા હતા. તેઓ ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવા અલગ-અલગ રાજ્યોમાં જ્વેલરી વેપારીઓનો સંપર્ક કરતા હતા.

તેઓ પોતાને સોનાના મોટા વેપારી તરીકે ઓળખ આપી, વેપારીઓ પાસેથી મોંઘા સોનાના ઘરેણાં પસંદ કરતા હતા. છેલ્લે, પેમેન્ટ આપવાના બહાને, તેઓ ઘરેણાંના બદલામાં ડુપ્લિકેટ સોનાની બિસ્કિટ આપતા હતા, જેના ઉપર માત્ર ૨૪ કેરેટનું પાતળું પડ લગાવેલું હોય છે. આ બિસ્કિટને અસલ સોનાની ગણાવીને ઠગાઈ આચરવાની તેમની ટેવ હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. હરેશ મોરડીયા અગાઉ અંકલેશ્વર અને વરાછા પોલીસ સ્ટેશનમાં -ોહિબિશનના ગુનામાં પકડાઈ ચૂક્યો છે. નિકુંજ ધકાણ મુંબઈના બ્રાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ ત્રીસ લાખના સોનાના ઘરેણાંની ઠગાઈના ગુનામાં વોન્ટેડ હતો, તેમજ તેણે રાજસ્થાનના જોધપુર ખાતે પણ ઠગાઈનો એક ગુનો આચર્યાની કબૂલાત કરી હતી. વધુ તપાસમાં વધુ ભેદ ખુલવાની પોલીસને આશા છે.

### દામ્પત્ય જીવનમાં શંકા-આશંકાઓ ઘર કરી જાય તો આવી શકે માઠુ પરિણામ

# પતિના ગુપ્તાંગ પર પત્નિએ રેડ્યું એસિડ!

## અનૈતિક સંબંધોની શંકામાં સળગી રહી હતી પત્નિઃ પતિની હાલત અત્યંત નાજુક : અઢાર વર્ષ પહેલા ફાયરીંગ કરી હત્યાનો પ્રયાસ કરી ભાગતો ફરતો શખ્સ અંતે પોલીસના હાથમાં આવી ગયો

રાજકોટ, તા. ૨૭

દામ્પત્ય જીવનમાં ડખ્ખાની ઘટનાઓ અનેક વખત બનતી રહે છે. ઘણીવાર પતિ કે પત્નિ દ્વારા એક બીજાની હત્યા કે હત્યાના પ્રયાસ પણ થતાં હોય છે. અથવા તો એક બીજા પર હીચકારા હુમલા કરી મહાવ્યથા પહોંચાડવામાં આવતી હોય છે. આવી જ એક ચોંકાનવારી ઘટના સામે આવી છે જેમાં અનૈતિક સંબંધની શંકામાં ગળાડુબ પત્નિએ ઉંઘી રહેલા પતિના ગુપ્ત ભાગ પર એસિડ રેડી દેતાં પતિની હાલત ખરાબ થઇ ગઇ હતી. પોલીસે આ મામલે કાર્યવાહી કરી પત્નિી ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ચોંકાવનારી ઘટના અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં બની છે. સંબંધોને શર્મસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં પત્નિએ પોતાના પતિ પર જ એસિડથી હુમલો કર્યો છે. પતિના અન્ય સ્ત્રી સાથેના આડાસંબંધોની આશંકાએ રોષે ભરાયેલી પત્નિએ આ ખતરનાક કૃત્યને અંજામ આપ્યો હતો. મળતી માહિતી મુજબ સેટેલાઇટ વિસ્તારમાં રહેતા આ દંપતીના બે વર્ષ પહેલા પ્રેમલગ્ન થયા હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી પત્નિને તેના પતિના ચારિત્ર્ય પર શંકા હતી. તેને આશંકા હતી કે પતિના અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધો છે. આ જ વાતથી રોષે ભરાઈને પત્નિએ પોતાના પતિ દિવાળીની રાત્રે જ્યારે પતિ સૂતો હતો. ત્યારે પહેલા તેના પર ગરમ પાણી નાખ્યું અને ત્યારબાદ એસિડનો હુમલો કરી દીધો.

એસિડ એટેકના કારણે યુવક ગંભીર રીતે દાઝી ગયો હતો. તેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઘટના અંગે ઈજાગ્રસ્ત પતિએ પત્નિ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. સેટેલાઇટ



પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરીને હુમલો કરનાર પત્નિની ધરપકડ સહિતની વધુ કાયદાકીય તપાસ હાથ ધરી હતી. આ ઘટનાએ ભારે ચકચાર જગાવી દીધી હતી.

બીજી એક ઘટના જોઈએ તો સુરત પોલીસે અઢાર વર્ષ જૂના એક હત્યાના પ્રયાસના કેસનો કોયડો ઉકેલીને એક ભાગેડુ આરોપીને ઝડપી પાડ્યો છે. પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ૨૦૦૭માં નોંધાયેલા આ કેસમાં આરોપી રાજુ ઉર્ફે રજ્જુ બચ્ચી તિવારી અઢાર વર્ષ સુધી પોલીસને થાપ આપીને ફરાર રહ્યો હતો. આખરે સુરત એસ.ઓ.જી. પોલીસે તેને અમરોલી બંબાગેટ પાસેથી દબોચી લીધો હતો. વર્ષ ૨૦૦૭માં રાજુ તિવારી અને તેના મિત્ર વિનોદે મળીને ગૌતમ પટેલ નામના વ્યક્તિ પર જીવલેણ હુમલો કર્યો હતો. પોલીસની પૂછપરછમાં રાજુએ કબૂલયું હતું કે, તે યામાહા બાઇક ચલાવતો હતો અને પાછળ બેઠેલા વિનોદે ગૌતમ પટેલ પર ગોળીબાર કર્યો હતો. સદભાગ્યે, ગોળી ગૌતમ પટેલના કાન પાસેથી નીકળી જતાં તેમનો જીવ બચી ગયો હતો. હુમલો થતાં જ ઘટનાસ્થળે લોકોનું મોટું ટોળું ભેગું થઈ ગયું હતું. રાજુ તિવારી ગભરાઈને બાઇક મૂકીને ભાગી છૂટ્યો હતો, જ્યારે તેનો મિત્ર વિનોદ પબ્લિકના હાથે પકડાઈ ગયો હતો. રાજુએ પોલીસ પકડથી બચવા માટે આ અઢાર વર્ષ દરમિયાન સતત પોતાનું રહેઠાણ બદલ્યા કર્યું હતું અને જોનપુર ઉત્તર પ્રદેશમાં છુપાયેલો હતો.

અઢાર વર્ષના લાંબા સમયગાળા બાદ, સુરત એસઓજીને આરોપી રાજુ તિવારી વિશે ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે અમરોલી બંબાગેટ વિસ્તારમાં વોચ ગોઠવીને મૂળ જોનપુરના વતની રાજુ ઉર્ફે રજ્જુને ઝડપી પાડ્યો હતો. આ સફળતા સાથે સુરત પોલીસે અઢાર વર્ષ જૂના એક ગંભીર ગુનાના ફરાર આરોપીને કાયદાના સકંજામાં લાવીને તેનું પ્રકરણ પૂર્ણ કર્યું છે. વધુ એક વખત પોલીસે સાબીત કર્યુ હતું કે ગમે તેવા સાતીર ગુનેગાર ગુનો આચરી ભાગી જાય એક દિવસે તો પોલીસ તેને પકડી જ લેતી હોય છે.



# ફટાકડાથી આઇસર આગમાં ખાક

## ગાડી ચાલકે બે શખ્સો વિરૂધ્ધ પોલીસમાં નોંધાવી ફરિયાદ

રાજકોટ, તા. ૨૭

શહેરમાં દિવાળીના તહેવારની લોકોએ મનભરીને ઉજવણી કરી હતી. કરોડોના ફટાકડા ફુટી ગયા હશે. જો કે કેટલાક એવા હતાં જેણે ફટાકડા ફોડવાની પોતાની મજા માટે બીજાને નુકસાન પહોંચાડ્યું હતું. આવા એક કિસ્સામાં બે શખ્સો વિરૂધ્ધ પોલીસે એફઆઇઆર દાખલ કરી કાયદાનું ભાન કરાવ્યું છે. શહેરના ગંજીવાડા રોડ પર દિવાળીના બીજા દિવસે ભરબપોરે જાહેરમાં લોકોને અને માલ મિલ્કતને નુકસાન પહોંચે એ રીતે બે શખ્સોએ ફટાકડા ફોડતાં એક વ્યકિતની આઇસર ગાડી સળગી જતાં નુકસાની થઇ છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં થોરાળા પોલીસે હાલ આજીડેમ ચોકડી તુર્કીબાપુની દરગાહ પાછળ અનમોલ પાર્ક-૧માં મુક્તારભાઇના મકાનમાં ભાડેથી રહેતાં મુળ સુરેન્દ્રનગર લક્ષ્મીપુરાના જાવેદભાઇ રહીશમહમદભાઇ શેખ નામના પાંત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ગંજીવાડા અલમ ચોકના જીગર પરમાર અને ગંજીવાડા ચામુંડા ચોકના અજય બથવાર સામે એફઆઇઆર દાખલ કરી છે. જાવેદભાઇ બથવાર આઇસર ગાડીનું ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેની સાથે પત્નિ અને બાળકો રહે છે. તેણે જણાવ્યું છે કે હું જીવરાજ પાર્ક કોઠારીયા રોડના સુરેશભાઇ જીવરાજભાઇ વોરાનું આઇસર જીજે૦૩બીટી-૮૦૫૩ બે વર્ષથી ચલાવુ છું. આ માટે તેઓ મને મહિને બાર હજાર પગાર આપે છે. આ આઇસર હું રાતે ગંજીવાડા મેઇન રોડ ભવાની ઇન્ડસ્ટ્રીઝ નામના કારખાનાની દિવાલ પાસે પાર્ક કરુ છું.

જાવેદભાઇએ વધુમાં કહ્યું હતું કે હું આઇસર લઇ ગોંડલ રોડ ટોલનાકાથી આગળ ક્રિએટીવ પોલીફેબ નામના કારખાને ખાલી કરી રાજકોટ આવ્યોહ તો અને સાંજે ચારેક વાગ્યે દરરોજની જગ્યાએ ગંજીવાડા રોડ ભવાની ઇન્ડસ્ટ્રીઝની દિવાલ પાસે પાર્ક કરી દીધુ હતું. આ ગાડી ઉપર તાલપત્રી પણ બાંધેલી હતી. લોક કરીને હું મારા ઘરે જતો રહ્યો હતો. બાદમાં ગત ધોકાના દિવસે મને મારા મિત્ર ગોપાલ ધીરૂભાઇ રાઠોડે બપોરે સવા બે વાગ્યા આસપાસ ફોન કરી કહ્યું હતું કે તારી આઇસર ગાડીમાં આગ લાગી છે, તમે જલ્દી આવો. જેથી હું તાત્કાલીક ત્યાં પહોંચ્યો હતો. જ્યાં મારા બનેવી મહેબુબભાઇ દાઉદભાઇ કાદરી પણ હાજર હતાં. તે આજુબાજુમાંથી પાણી લઇને આગ ઠારતા હતાં. દરમિયાન ત્યાં હાજર જીજ્ઞેશ વાઘેલાએ ફાયર બ્રિગેડને ફોન કરતાં ગાડી આવી હતી અને આગ બુઝાવી હતી. આગને કારણે આઇસરના ઠાઠામાં બાંધેલી તાલપત્રી આખી સળગી ગઇ હતી તેમજ કેબીનથી લઇ ઠાઠા તરફથી અને કેબીન ઉપરના ભાગે અને અંદરન ભાગે આગ પ્રસરી જતાં નુકસાની થઇ હતી. જીજ્ઞેશભાઇ વાઘેલાએ અમને જાણ કરી હતી કે જીગર પરમાર અને અજય બથવાર જાહેર રસ્તામાં ફટાકડા ફોડતા હતાં.

જેના તણખલા કે ફુટીને ઉડતા તાતણા તાલપત્રી ઉપર પડતાં આગ લાગી હતી. આથી મેં ગાડીના માલિક સુરેશભાઇ વોરાને વાત કરી હતી. જીગર અને અજયએ જાહેર રસ્તામાં રાદારીઓને અને આસપાસની મિલ્કતને નુકસાન પહોંચે એ રીતે ફટાકડા ફોડ્યા હોઇ તેના કારણે આઇસરમાં ૧,૫૦,૦૦૦નું નુકસાન થયું હોઇ મેં ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં જાવેદભાઇએ કહેતાં એએસઆઇ ડી. કે. ખાંભલાએ વધુ તપાસ હાથ ધરી હતી. આમ જાહેરમાં ફટાકડા નહિ ફોડવાના જાહેરનામાનો પણ આ બંનેએ ભંગ કર્યો હતો અને બીજાના વાહનને મોટી નુકસાની પહોંચાડી હોઇ પોલીસ કાર્યવાહીનો સામનો કરવાની વેળા આવી હતી.

### છેતરી જ લેવાના જેના ઇરાદા હોય એને કોઇ રોકી ન શકેઃ ભગવતીપરાના શખ્સને શોધે છે પોલીસ

# દોસ્તના મિત્રએ દીધો ડામ : કાર લઈ પલાયન

## વેંચાતી લેવાના નામે વેચાણ કરાર કર્યોઃ પછી હપ્તા ન ભરી કરાર રદ કરી કાર લઇ ગયો તે ગયોઃ ગાંધીગ્રામ પોલીસમાં દાખલ થઇ ફરિયાદ

રાજકોટ તા. ૨૭

જે લોકોને બીજાને છેતરી જ લેવા હોય છે તેને કોઇ પણ રોકી શકતું નથી. આવા લોકોને કોઇ જાતની શરમ પણ હોતી નથી. ઠગાઇની વધુ એક ઘટના સામે આવી છે જેમાં એક હોટલ સંચાલકને તેના જ દોસ્તનો દોસ્ત કારના સોદાના નામે ડામ દઇ ગયો છે. આ યુવાનને સ્વીફ્ટ કાર વેંચવી હોઇ તેના જ મિત્રએ પોતાના એક મિત્ર સાથે આ કારનો સોદો કરાવી દીધો હતો. પરંતુ વેંચાણ કરાર કરી કાર લઇ ગયા બાદ આ શખ્સે લોનના હપ્તા ભરવાનું બંધ કરી દીધુ હતું. વેંચાણ કરાર રદ કરાવી કાર પાછી આપી દેશે એવુ કહી પછી ચાર લાખની કાર લઇ ગાયબ થઇ ગયો હતો. હવે ફોન પણ બંધ કરી દીધો હોઇ પોલીસ સુધી મામલો પહોંચ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરની માટેલ સોસાયટીમાં રહેતાં અને વોકહાર્ટ હોસ્પિટલ નજીક હોટલ ચલાવતાં યુવાનને પોતાની સ્વીફ્ટ કાર વેંચવી હોઇ મિત્રના મિત્રએ આ કાર ખરીદ કરવાનું નક્કી કરી રોકડા એંસી હજાર ચુકવી બાકીની લોન ભરપાઇ કરવાની ખાત્રી આપી વેંચાણ કરાર કરાવી ગાડીનો કબ્જો મેળવી લીધો હતો. પરંતુ બાદમાં તેણે બે હપ્તા ન ભરી અને વેંચાણ કરાર રદ કરાવી કાર પાછી આપી દેશે તેવું કહ્યા બાદ પણ કાર ન આપી ચાર લાખની કાર ઓળવી ગયો હતો. આ મામલે ગાંધીગ્રામ પોલીસે ૧૫૦ ફુટ રીંગ રોડ ઓમનગર ૪૦ ફુટ રોડ માટેલ સોસાયટી-૩માં રહેતાં અભિષેક સુરેશભાઇ પાનસોરા નામના પચ્ચીસ વર્ષના યુવાનની




ફરિયાદ પરથી ભગવતીપરા મેઇન રોડ સુખસાગર હોલ પાછળ શ્રીરામ પાર્કમાં રહેતાં બાવાશા યાસીનશા પઠાણ અને તપાસમાં ખુલે તેની સામે એફઆઇઆર દાખલ કરી છે. અભિષેક પાનસોરા પરિવાર સાથે રહે છે અને વોકહાર્ટ હોસ્પિટલ પાસે માવધ હોટલ ચલાવે છે.

અભિષેક પાસે જીજે૦૩કેસી-૬૫૧૫ નંબરની સ્વીફ્ટ કાર છે જે તેની માલિકીની છે. અભિષેકે જણાવ્યું છે કે મારે આ કાર વેંચવાની હોઇ જેથી મારા મિત્ર મેહુલ બારોટને વાત કરી હતી. એ પછી ૭/૪/૨૫ના રોજ રાતે અગીયારેક વાગ્યે મેહુલ મારી હોટલે આવ્યો હતો અને કહ્યું હતું કે-તારી સ્વીફ્ટ ગાડી મારા મિત્ર બાવાશા યાસીનશા પઠાણને લેવી છે, તેને બતાવી દઉ અને સવારે ચર્ચા કરી નોટરી કરાર કરી લઇએ. જેથી મેં કાર આપી હતી. બીજા દિવસે હું અને મારા બનેવી રામકુભાઇ તથા મિત્ર મેહુલ બારોટ અને બાવાશા પઠાણ એમ ચારેય ભેગા થયા હતાં. ગાડી વેંચાણ પેટે રૂા. ૮૦ હજાર રોકડા આપવાના અને ગાડી લોન પર હોઇ તેના હવે પછીના હપ્તા બાવાશાએ ભરવાના રહેશે તેવું નક્કી થયું હતું.

અભિષેકે વધુમાં કહ્યું હતું કે હું બાવાશાને ઓળખતો ન હોઇ ૮૦ હજાર રોકડા આપવાની વાતથી લઇને નામ ટ્રાન્સફર, લોનની રકમની ભરપાઇ સહિતની જવાબદારી મારા મિત્ર મેહુલ બારોટે લીધી હતી. જેથી મેં વેંચાણ કરારતી તા. ૮/૪/૨૫ના રોજ મારી કાર બાવાશા પઠાણને આપી દીધી હતી. બીજા દિવસે નવમીએ મિત્ર મેહુલે ગાડી વેંચાણ પેટેના રૂા. ૩૦ હજાર ગૂગલપેથી મને મોકલ્યા હતાં. બાકીના ૫૦ હજાર બે ત્રણ દિવસમાં મોકલશે તેમ કહ્યું હતું. પરંતુ બાદમાં ચારેક મહિના સુધી મેહુલ અને બાવાશા બંનેએ માત્ર વાયદા જ આપ્યા હતાં. બાકીના પૈસા તે પાછા આપતા ન હોઇ તેમજ બે મહિનાના લોનના હપ્તા પણ બાવાશાએ ન ભરતાં આ અંગે મેં બાવાશા વિરૂધ્ધ ગાંધીગ્રામ પોલીસમાં અરજી કરી હતી. આથી બાવાશાએ મને કહેલુ કે મારી પાસે હવે રૂપિયા નથી, આપણે વેંચાણ કરાર રદ કરી નાખીએ અને હું તમને તમારીગાડી પાછી આપી દઉ.

વાતચીત થયા બાદ નક્કી થયું હતું કે ૧૩/૯થી આ કારની માલિકી મારી રહેશે. બાદ ૨૫/૯ના રોજ ગાડીનો કબ્જો મને સોપવાનો રહેશે. તેમજ વેંચાણ પેટેના મને મળેલા ૩૬ હજાર મારે બાવાશાને પાછા આપી દેવાના રહેશે. આ પછી મેં અરજી પાછી ખેંચી લેવાની તૈયારી બતાવી હતી અને ૧૩/૯ના રોજ વેંચાણ કરાર રદ કર્યો હતો. જો કે આમ છતાં મારી કાર મને બાવાશાએ પાછી આપી નહોતી. મેં અવાર-નવાર કોલ કરવા છતાં જવાબ આપ્યો નહોતો અને તેણે ફોન બંધ કરી દીધો હતો. આમ મારી ૪ લાખખની કાર બાવાશાએ વેંચાણ કરાર રદ થયા છતાં મારી કાર આજ સુધી પાછી ન આપી વિશ્વાસઘાત કર્યો હોઇ અંતે ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં અભિષેકે કહેતાં ગાંધીગ્રામના પોલીસ ઇન્સ. એસ. આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. એન. ડી. ડોડીયાએ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# શિતળાધારમાં પિતા-પુત્રને એરુ આભડ્યો

## કોઠારીયા સોલવન્ટ પાસે દિકરાને કરડ્યા બાદ પિતાને દીધો દંશ : પુત્રની હાલત ગંભીર

રાજકોટ તા. ૨૭

સાપ સહિતના જીવજંતુ કરડવાની ઘટના અવાર-નવાર બનતી હોય છે. પરંતુ શહેરમાં એક બનાવમાં બાપ-દિકરા બંનેને સાપે દંશ મારી દેતાં સારવાર હેઠળ છે. જેમાં દિકરાની હાલત ગંભીર થઇ ગઇ હતી. કોઠારીયા સોલવન્ટ શિતળાધારમાં આ બનાવ બન્યો હતો.

વિગતો જોઇએ તો કોઠારીયા સોલવન્ટ શિતળાધારમાં રહેતાં વિશાલ અશોકભાઇ મહંતો કે જે તેર વર્ષનો છે તેને રાતે એકાદ વાગ્યે હાથમાં સાપ કરડી જતાં તેણે દેકારો મચાવતાં તેના પિતા અશોકભાઇ દશઇભાઇ મહંતો જેની ઉમર ત્રીસ



વર્ષ છે તે જાગી ગયા હતાં અને સાપ ઘરમાં ક્યાં ગયો તે જોવા જતાં તેના હાથમાં પણ દંશ મારી દેતાં બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, પ્રકાશભાઇ રાઠોડ, ધર્મેન્દ્રભાઇ હુદડે આજીડેમ પોલીસને જાણ કરી હતી. વિશાલની હાલત ગંભીર હોઇ આઇસીયુમાં સારવાર હેઠળ રખાયો છે. તે બે ભાઇમાં મોટો છે. તેના પિતા અશોકભાઇ કારખાનામાં મજૂરી કરે છે. આ પરિવાર મુળ બિહારનો વતની છે. પોલીસે પિતાનું નિવેદન નોંધી કાર્યવાહી કરી હતી.

### ઓચીંતી કાયમી વિદાયઃ પાંચ પરિવારોએ કાયમને માટે ગુમાવી દીધા સ્વજનો

# સગાઇમાં જવાના ડખ્ખામાં પત્નિએ દીધો જીવ

## સત્તર વર્ષનો બે બેહનનો એકનો એક સત્તર વર્ષનો ભાઇ પાસપોર્ટ કઢાવે એ પહેલા દિલની દગાખોરીથી મોતઃ વાહનમાંથી પડી જતાં મહિલાનું મોતઃ પેટમાં સળીયો ખુંપી જતાં મજૂરનો જીવ ગયો

રાજકોટ, તા..૨૭

અપમૃત્યુની ઘટનાઓ અનેક પરિવારોને આઘાત આપી ગઇ છે. વધુ પાંચ આવા બનાવમાં પાંચ લોકોની જિંદગીની સફરનો અંત આવી ગયો છે. એક પરિણીતાને સગાઇમાં જવા મામલે પતિ સાથે ચડભડ થતાં ગળાફાંસો ખાઇ જિંદગીની સફરનો અંત આણી લીધો હતો. બીજી ઘટનામાં સત્તર વર્ષના સગીરનું હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું હતું. ત્રીજા બનાવમાં એક મહિલાનું ઘરે પડી જવાથી, એક મહિલાનું બાઇક પાછળથી પડી જવાને કારણે અને એક બનાવમાં મજૂરનું પેટમાં સળીયો ખુંચી જવાને કારણે મોત થયું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો જુના માર્કેટ યાર્ડ નજીક મંછાનગર પાસે નરસિંહનગર શેરી નં. ૭માં રહેતાં કિરણબેન અનીલભાઇ ડાભી નામના ચોવીસ વર્ષના પરિણીતાએ એ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. કિરણબેને રાતે ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ના તબિબ ભાવેશભાઇએ જાણ કરતાં કન્ટ્રોલ ઇન્ચાર્જ નીરેનભાઇએ જાણ કરતાં બી-ડિવીઝનના પીએસઆઇ ડી. બી. ગાધેએ જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ કિરણબેનના લગ્ન દોઢ વર્ષ પહેલા થયા હતાં. તેના પતિને સગામાં સગાઇ પ્રસંગમાં જવાનું હોઇ આ અંગે પતિ-પત્નિ વચ્ચે બોલાચાલી થતાં માઠુ લાગી જતાં તેણીએ આ પગલુ ભરી લીધુ હતું.

બીજી ઘટનામાં દિલની દગાખોરી બે બહેનના એકના એક સત્તર વર્ષના ભાઇનો જીવ લઇ ગઇ હતી. કચ્છના મુન્દ્રાના સત્તર વર્ષના સૈફઅલી ઇમ્તિયાઝભાઇ મોયડાનું રાજકોટમાં સગાને ત્યાં હતો ત્યારે હાર્ટએટેક આવી જતાં મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો છે. મુન્દ્રા રહેતો સૈફઅલી મોયડાને ઉમરા કરવા વિદેશ જવાનું હોઇ તે પાસપોર્ટ કઢાવવા રાજકોટ આવ્યો હતો અને આ માટે કોઠારીયા રોડ નિલકંઠ સિનેમા પાછળ ભરતવન સોસાયટીમાં રહેતાં ભાભીના પિતા બસીરભાઇના ઘરે રોકાયો હતો. અહિ તેને એકાએક ઉલ્ટી થયા બાદ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં ગમગીની છવાઇ ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર સૈફઅલી બે



બહેનનો એકનો એક મોટો ભાઇ હતો. તેના પિતા ભંગારનો વેપાર કરે છે. બનાવથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. હાર્ટએટેક આવી ગયાનું સગા બસીરભાઇએ જણાવ્યું હતું.

ત્રીજી ઘટના પર નજર કરીએ તો ગોંડલ નજીક બાઇક પાછળથી પડી જતાં રાજકોટના મહિલાનું મૃત્યુ થયું છે. આ બનાવથી સાગર સોસાયટીમાં રહેતાં ભાલાળા પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જાણવા મળ્યા મુજબ રાજકોટ કોઠારીયા રોડ પર સાગર સોસાયટી-૨માં રહેતાં જયશ્રીબેન અરવિંદભાઇ ભાલાળા નામના પંચાવન વર્ષના મહિલા ગૌરવભાઇના મોટરસાઇકલમાં બેસીને ગોંડલથી રાજકોટ તરફ આવી રહ્યા હતાં ત્યારે ગોંડલ નજીક રોડ પર રોદો આવતાં તેઓ મોટરસાઇકલ પાછળથી પડી જતાં ગંભીર ઇજા થતાં માથા, શરીરે ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ ગત રાતે તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, પ્રકાશભાઇ રાઠોડ, ધર્મેન્દ્રભાઇ હુદડ સહિતે જાણ કરતાં ગોંડલ સીટી પોલીસે કાર્યવાહી કરી હતી

ચોથા બનાવમાં હળવદ નજીક ટાવર ફીટીંગનું કામ ચાલુ હોઇ તે વખતે મજૂર પડી જતાં પેટમાં સળીયો ઘુસી જતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. મુળ પશ્ચિમ બંગાળનો ટીનકા મની બસકા નામનો તેત્રીસ વર્ષનો યુવાન હળવદમાં ટાવર ઉભા કરવાનું મજૂરી કામ કરતો હતો ત્યારે પડી જતાં પેટમાં સળીયો ખુંપી જતાં ગંભીર ઇજા થતાં હળવદ સારવાર અપાવી રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકના મયુરસિંહે જરૂરી કાર્યવાહી કરી કાગળો હળવદ પોલીસને મોકલ્યા હતાં. આ બનાવથી મજૂરોમાં શોક છવાઇ ગયો હતો.

પાંચમી ઘટના જોઇએ તો શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર સાઇધામ સોસાયટીમાં રહેતાં સંધ્યાબેન પ્રદિપભાઇ જાદવ નામના પંચાવન વર્ષના મહિલા ઘરે પડી જતાં માથા-શરીરે ઇજાઓ થતાં સારવાર માટે દાખલ કરાયા હતાં. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. સાઇધામ સોસાયટીમાં રહેતાં સંધ્યાબેન જાદવ બાવીસમીએ સવારે આઠેક વાગ્યે ઘરે હતાં ત્યારે બાથરૂમ તરફ જતાં હતાં ત્યારે લપસી પડતાં માથા, શરીરે ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ચાર દિવસની સારવાર બાદ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, પ્રકાશભાઇ રાઠોડે માલવીયાનગર પોલીસને જાણ કરતાં હેડકોન્સ. એ. વી. ચાવડાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર સંધ્યાબેનને બ્લડપ્રેશરની બિમારી હતી. તેમને આગળ પાછળ કોઇ ન હોઇ તેમની સાથે દિકરી અને જમાઇ રહેતાં હતાં. આમ પાંચ ઘટનામાં અલગ અલગ પરિવારોએ સ્વજનોને ગુમાવી દીધા હતાં.

**માવઠાના પગલે ખેડૂત આર્થિક રીતે પછડાયો જેથી ચાલુ વર્ષનું દેણું સરકાર માફ કરે તે અંગે કોંગ્રેસ કરશે રજૂઆત**

# ખેડૂતોના નામે રાજનીતિ કરે એ કોંગ્રેસ નહીં : ચાવડા

## પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાના ભાજપ પર ચાબખાં : ખેડૂતોને પુરતા ભાવ મળવા જ જોઈએ : રાજ્ય પ્રભારી મુકુલ વાસનિકે કહ્યું રાજકોટમાં કાનુન વ્યવસ્થા સંપૂર્ણપણે ખાડે અને દારૂની તો હોમ ડિલિવરી



### ગુજરાતના ૩૮૧ ખેડૂતોએ ટૂકાવ્યું જીવન

ગુજરાતના પ્રભારી મુકુલ વાસનીકે આશ્ચર્ય અને સંવેદનાસભર આંકડો આપતા કહ્યું કે આ જ રાજ્યના ૩૮૧ ખેડૂતોએ આત્મહત્યા કરી લીધી છે સાથો સાથ ગુજરાતમાં સાયબર ક્રાઈમનું પ્રમાણ પણ દિન પ્રતિદિન વધી રહ્યું છે ત્યારે સરકાર કેમ આ અંગે કોઈ નક્કર પગલા લેતી નથી તે પણ સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે. કોંગ્રેસ દ્વારા વારંવારની રજૂઆતો કરવા છતાં પણ સરકારના પેટનું પાણી હલતું નથી. જેને લઈને આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા ફરી કુંભકર્ણ નિંદ્રામાં સુતેલી સરકારને જગાડવા પ્રયાસ શરૂ કરવામાં આવશે. સરકાર દ્વારા ખેડૂતોને માવઠાથી થયેલ નુક્સાનનું વળતર આપવા સહિતની માંગ કરવામાં આવે તે માટે આવતીકાલે બોટાદમાં ખેડૂત સંમેલન બોલવાયું છે. તેમજ રાજકોટનાં લોકોના પ્રશ્નોને વાચા આપવા માટે આજે જનઆક્રોશ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

### ટેન્ડરની રકમ કમલમ ન પહોંચે ત્યાં સુધી વિકાસ અશક્યઃ અમિત ચાવડા

ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ જે સરકાર છે તે ભ્રષ્ટાચારમાં ગળાડૂબ થઈ ગઈ છે. કારણ કે ગુજરાતનો વિકાસ ત્યારે જ શક્ય બને કે જ્યારે ટેન્ડરની રકમ કમલમ ખાતે પહોંચે એટલું જ નહીં તેઓએ વધુમાં જણાવ્યું હતું કે બિલ્ડરો પણ હાફાડા ફાફડા થઈ ગયા છે અને કહે છે કે જ્યાં સુધી સત્તાધીશોને રૂપિયા આપવામાં નહીં આવે ત્યાં સુધી તેઓનું કામ પણ નહીં થાય ત્યારે આ ભ્રષ્ટ તંત્રને પ્રજા ઉખેડી ફેંકવા માટે સજ બની છે અને કોંગ્રેસ તેમની વહારે ઉભી છે. ખેડૂતોનો પ્રશ્ન હોય કે સામાન્ય માનવીનો પ્રશ્ન હોય આ તમામને કોંગ્રેસ વાચા આપશે અને આવનારા સમયમાં એક પ્રખર વિરોધ પક્ષ તરીકે પોતાની છબી પ્રસ્થાપિત કરશે તેવું અમિત ચાવડાએ કહ્યું હતું.

રાજકોટ, તા. ૨૭

આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓ તથા વિધાનસભા ચૂંટણીઓ માં રાજ્યમાં તથા સૌરાષ્ટ્રમાં કોંગ્રેસ સારું પ્રદર્શન કરી શકે તે માટે અત્યારથી જ ગ્રાઉન્ડ હોમવર્ક શરૂ કરી દેવામાં આવ્યું છે ત્યારે ગઈકાલે રાજકોટ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અમિત ચાવડા ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક તથા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરીની હાજરીમાં સ્નેહ મિલન અને પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં કોંગ્રેસે ખેડૂતો સાથે થતા અન્યાય અંગે અવાજ ઉઠાવ્યો હતો તથા સરકારને પણ ચીમકી આપી હતી કે જો આ અંગે આવનારા દિવસોમાં કોઈ યોગ્ય વ્યવસ્થા કરવામાં નહીં આવે અને ખેડૂતોને રાહત પેકેજ યોગ્ય રીતે જાહેર નહીં કરાય તો નેતાઓને ગામડાઓમાં પ્રવેશ કરવા દેવામાં નહીં આવે અને તે માટે ખેડૂતોની સાથે કોંગ્રેસ પણ હાજર રહેશે અને ખંભે ખંભો મિલાવીને ચાલશે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ સરકાર સામે લોકોની મુશ્કેલીઓના પ્રશ્નો મૂક્યા હતા.ખેડૂતો, પ્રજા તમામ આજે પરેશાન છે.જેનું કોઈ નિરાકરણ સરકાર લાવી રહી નથી તેવા આક્ષેપો કર્યા હતા. માવઠાથી ખેડૂતોને પાકની નુકસાની આવી છે.જેની સામે ખેડૂતોને વળતર તાત્કાલિક મળે તે માટે વિમાની જાહેરાત કરવાની અમિત માંગણી કરી હતી. પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા એક દિવસ, એક શહેર/જિલ્લો તેવી રીતે કાર્યક્રમ ઘડવામાં આવશે. જન આક્રોશ સભા કરવામાં આવશે.છેલ્લા બે દિવસ થી ગુજરાતમાં માવઠા પડી રહ્યા છે.જગતના તાતની સ્થિતિ દયનીય થઈ છે. સરકારે ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ રાખવી જોઈએ તેને બદલે સરકારનું વલણ અલગ છે. ખેડૂતોને માવઠાને કારણે ખેતરોમાં પાણી ભરાયા, પાકમાં નુકસાન થયું,

માવઠા અને અતિવૃષ્ટિને કારણે ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યા છે.સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે મગફળીમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું છે.ખેડૂતોને નુકસાની અંગે તાત્કાલિક સર્વે કરાવવામાં આવે તેવી પાસે સરકાર પાસે માંગ છે.સ્પેશ્યલ પેકેજ જાહેર કરવામાં આવે તેવી ઉઠાવી છે.સરકાર પાક વીમા યોજનાની તાત્કાલિક જાહેરાત કરે, ખેડૂતો બેન્ક ધિરાણ ભરી શકે તેમ ન હોવાથી બેન્ક ધિરાણ માફ કરવામાં આવે તેવી સરકાર પાસે કોંગ્રેસની માંગ ઉઠાવી છે. આવતીકાલથી બોટાદમાં જ્યાં ખેડૂતો પર દમણ થયા હતા.એ સ્થળ પર ખેડૂત મહાસભા આંદોલન કોંગ્રેસ શરૂ કરવા જઈ રહી છે ખેડૂતોને ન્યાય અપાવીને જ કોંગ્રેસ જંપશે.અમિતભાઈ ચાવડા જણાવ્યું હતું. ગુજરાત કોંગ્રેસના પ્રભારી સાંસદ મુકુલ વાસનિક ૧૮ વોર્ડના પ્રમુખ સહિત શહેર કોંગ્રેસ પ્રમુખની કામગીરી તેમજ સંગઠન બાબતના કામની ચકાસણી કરી હતી .આ કાર્યમાં તેઓની સાથે અમિતભાઈ ચાવડા, તુષારભાઈ ચૌધરી પણ જોડાયા હતાં. સાથોસાથ જન આક્રોશ સભાનું આયોજન નાગરબોર્ડિંગ ખાતે રાખવામાં આવ્યું હતું . જાહેર જનતાને સભામાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવામાં આવ્યું હતું.

ગુજરાતનું નામ સમગ્ર દેશમાં પ્રગતિશીલ રાજ્ય તરીકે ઉભરી આવતું હતું પરંતુ છેલ્લા ઘણા સમયથી આ સ્થિતિમાં ઘણો બદલાવ આવ્યો છે.૫.૪૦ લાખ બાળકો કુપોષિત, આ કેવો વિકાસ ગુજરાતનો છે.૮૩ હજાર એવા બાળકો જે માત્ર એક વર્ષની અંદર માંજ મોતને ભેટ્યા , આ ગુજરાતના બાળકોની કરૂણ માહિતી છે.રાજકોટમાં કાનૂન વ્યસ્થા કથળી રહી છે.ગુજરાતમાં સાયબર ક્રાઈમની ઘટના માથું ઉચકી રહી છે.દારૂબંધી ગુજરાતમાં છે પણ નામની,દારૂની હોમડિલિવરી થાય છે .જૂનાગઢની બેઠક બાદ જ ગુજરાતમાં મુખ્ય મુદ્દાઓને હાથમાં લીધા

ઘણા એવા મુદ્દા હતા જ્યાં બેઠક પૂર્ણ થયા પૂર્વે જ પક્ષના આગેવાન લોકો વચ્ચે પહોંચ્યા છે.ખેડૂતોને પૂરતા ભાવ આપવામાં આવે એ જરૂરી છે.સરકાર પોતાની મનસુફી મુજબ ખેડૂતોને રાહત આપતી હોય છે જે અયોગ્ય છે.આ સ્થિતિનો ખુલ્લો વિરોધ હવે કોંગ્રેસ કરશે જૂનાગઢની બેઠક બાદ જ ગુજરાતમાં મુખ્ય મુદ્દાઓને હાથમાં લીધા છે.ઘણા એવા મુદ્દા હતા જ્યાં બેઠક પૂર્ણ થયા પૂર્વે જ પક્ષના આગેવાન લોકો વચ્ચે પહોંચ્યા સરકાર કુંભકર્ણની જેમ સૂતી રહેશે તો ગુજરાત માટે આવનારા દિવસો અત્યંત ભયનિય છે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિના પ્રભારી મુકુલ વાસનિકે જણાવ્યું હતું. સરકાર ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ રાખવાના બદલે અલગ વલણ અપનાવી રહી છે અને ખેડૂતોની સ્થિતિથી ગંભીર નથી. ખેડૂતો ખાતર, જમીન માપણી, ભાવ અને વીજળી સહિતના મુદ્દે હેરાન પરેશાન છે, વળી સહકારી માળખાં દ્વારા ભાજપ પ્રેરિત નેટવર્ક ખેડૂતોને લૂંટી રહ્યું છે. ખેડૂતો જ્યારે ઓપન માર્કેટમાં પાક વેચવા જાય છે, ત્યારે તેમને પૂરતા ભાવ મળતા નથી અને વચેટિયાઓ કમિશન વસૂલે છે.

કોંગ્રેસ દ્વારા આ તમામ મુદ્દાઓને લઈને ખેડૂતોનો જે આક્રોશ છે, તેને વાચા આપવા માટે આવતીકાલે બોટાદ ખાતે ખેડૂતોનું મહાસંમેલન બોલાવવામાં આવ્યું છે. અમિત ચાવડાએ સરકારને ચેતવણી આપતા જણાવ્યું હતું કે, જો સરકાર તાત્કાલિક ખેડૂતોના પ્રશ્નોનું નિવારણ નહીં લાવે અને મદદ કરવા આગળ નહીં આવે, તો આવનારા દિવસોમાં આખા ગુજરાતના તાલુકે-તાલુકે, ગામે-ગામ કિસાન પંચાયત બોલાવીને આંદોલનલક્ષી કાર્યક્રમો કરવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, જો સરકાર ખેડૂતની વાત નહીં સાંભળે તો આવનારા દિવસોમાં એક પણ મંત્રીને ગામડામાં પ્રવેશ કરવા દેવામાં નહીં આવે અને પ્રજાના પૈસે ઉત્સવો કરનારા તમામ મંત્રીઓનો ખેડૂતો સાથે મળીને કોંગ્રેસ પક્ષ ઘેરાવો કરશે. ખેડૂતોને હક અને અધિકાર નહીં મળે ત્યાં સુધી આ લડાઈ લડવામાં આવશે.

આ પત્રકાર પરિષદમાં શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ, જિલ્લા પ્રમુખ હિતેશ વોરા, પૂર્વ ધારાસભ્ય લલિત કગથરા, લલિત વસોયા, પૂર્વ શહેર પ્રમુખ અતુલ રાજાણી, ગાયત્રીબા વાઘેલા, મહેશ રાજપૂત, હેમાંગ વસાવડા, જસવંતસિંહ ભટ્ટી, રાજકોટ સિટી કોંગ્રેસ કમિટીના વાઈસ પ્રેસિડેન્ટ સંજય લાખાણી સહિતના કોંગી આગેવાનો હાજર રહ્યા હતા.

# જેતપુર રાઈડ્સ દુર્ઘટનાનો રિપોર્ટ ગાંધીનગર હવાલે

## રિપોર્ટના આધારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ લેશે કડક પગલાં : SOPના પાલનમાં દાખવાઇ ગુન્હાહિત બેદરકારી

રાજકોટ, તા. ૨૭

ટીઆરપી અગ્નિકાંડની ઘટનાથી હજુ પણ તંત્ર આ અંગે યોગ્ય વ્યવસ્થા ઉભી કરી શક્યું નથી ઊલટું કોઈ યોગ્ય નિર્ણય પણ લેવામાં આવ્યું નથી. દિવાળી તહેવાર નિમિત્તે જેતપુરની રાઇડ્સ દુર્ઘટનાનો સૌથી મોટો પડકાર તંત્ર સામે જોવા મળ્યો હતો જેમાં દંપતી ઈજાગ્રસ્ત તથા તાકીદે તેઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગેની ગંભીરતાને ધ્યાને લઇ રાજ્ય સરકારે તાકીદે ગાંધીનગર ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગને આ રિપોર્ટ મોકલી આપવામાં આવ્યો. એટલું જ નહીં જવાબદાર સામે કડક પગલાં લેવ નો નિર્ણય પણ કરાયો. અહીં એ ઉલ્લેખીય છે કે પ્રકાશપર્વ દિપાવલીના તહેવાર દરમિયાન જેતપુરમાં આયોજીત કરાયેલ ફનફેરમાં રાઈડસ છુટી પડી જતા દંપતી હવામાં ફંગોળાઈ જતા તેને ઈજા પહોંચી હતી. આ ઘટનામાં ઈજાગ્રસ્ત દંપતીને હોસ્પિટલમાં ખસેડી સારવાર આપવામાં આવી હતી.

આ દુર્ઘટના બાદ તાબડતોફ ફનફેર બંધ કરાવવામાં આવેલ હતો. તેમજ જીલ્લા કલેકટર તંત્ર દ્વારા આ મામલે તાબડતોબ જેતપુર મામલતદાર પાસેથી રિપોર્ટ મંગાવી તેને ગાંધીનગર ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગને મોકલી દેવામાં આવેલ હોવાનું કલેકટર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજય સરકાર દ્વારા રાઈડસ માટે હાઈકોર્ટની માર્ગદર્શિકા મુજબ નવી ગાઈડલાઈન અમલી બનાવવામાં આવી છે. જન્માષ્ટમીના તહેવાર દરમિયાન લોકમેળામાં રાઈડસ માટે રાજય સરકારની આ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરી રાઈડસ સંચાલકોને મંજુરી આપવામાં આવીહતી.

જે બાદ પ્રકાશપર્વ દિપાવલીના તહેવાર દરમિયાન જેતપુરમાં આયોજીત ફનફેરમાં રાઈડસ તેના સ્ટ્રકચર પરથી છુટી પડી હવામાં ફંગોળાતા અફડાતફડી મચી જવા પામી હતી. આ દુર્ઘટનામાં દંપતિને ઈજા થતા તેને હોસ્પિટલમાં આરોગ્ય સારવાર આપવામાં આવી હતી.આ દુર્ઘટનાના પગલે રાજકોટ કલેકટર તંત્ર દ્વારા તાબડતોબ જેતપુરના મામલતદાર પાસેથી રિપોર્ટ તાબડતોબ મંગાવી તેને રાજય સરકારના ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગને મોકલી આપવામાં આવેલ છે.

આ દુર્ઘટનામાં નિયમોના ભંગ બદલ કસુરવારો સામે કડક પગલા લેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. કલેકટર તંત્ર દ્વારા આ મામલે ગાંધીનગર રિપોર્ટ મોકલાયા બાદ હવે શું કાર્યવાહી થાય છે? તેના તરફ મીટ મંડાઈ રહી છે. રાજકોટ જિલ્લામાં જ વધુ એક ઘટના ઘટતા ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા એટલું જ નહીં જે એસ ઓ પી મુજબ ગેમ ચલાવવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો હતો તે પણ હજુ પરિપૂર્ણ થયો નથી જેને લઈને અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે હવે સરકાર રિપોર્ટના આધારે કયા પ્રકારની કાર્યવાહી કરશે તે હવે જોવાની રહી.



# ટ્રાફિક સમસ્યાથી અજાણ છે મનપા? : ૧૦૦ મણનો સવાલ

## મુખ્ય માર્ગો ને પહોળા કરવાની એકવાર નહીં અનેક વખત કરાઈ દરખાસ્ત, મંજૂરી છતાં કામગીરીના નામે મીંડું

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીને લઈને હાલ ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે જેને ધ્યાને લઈ એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે અત્યારે સૌથી મોટો પ્રશ્ન જો કોઈ રાજકોટમાં હોય તો તે ટ્રાફિક સમસ્યાનો છે ટ્રાફિક સર્કલ નાના કરવા તે માત્ર ઉપાય નથી હાલ એ ઉપાય ની અમલીકરણ કર્યા બાદ પણ હજુ ટ્રાફિક સમસ્યા લોકોને હેરાન પરેશાન કરી રહ્યું છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ આગામી દિવસોમાં મહાનગરપાલિકા શું પગલાં લેશે તે ખૂબ જરૂરી છે એટલું જ નહીં અગાઉ પણ મનપાએ ખાસ કરીને એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું કે જે રસ્તા ઉપર ટ્રાફિક સમસ્યા વિકરાળ બની ગઈ છે તે રસ્તાઓને પહોળા કરવામાં આવશે પરંતુ ખરી વાસ્તવિકતા તો એ છે કે આ મંજૂરી માત્ર પેપર ઉપર જ લેવામાં આવી હોય કારણ કે હજુ સુધી તેની અમલવારી થઈ શકે નથી ત્યારે તંત્ર દ્વારા તેમ આ અંગે કોઈ યોગ્ય નિર્ણય અને વ્યવસ્થા ઉભી કરવામાં આવતી નથી તે પણ સૌથી મોટો ચિંતાનો વિષય છે.



રાજકોટના લોકો ટ્રાફિકની હેરાનગતિ ભોગવી રહ્યા છે ત્યારે શહેરના મુખ્ય અને ટ્રાફિકથી ધમધમતા માર્ગને પહોળા કરવાની યોજનાઓ માત્ર ઓન પેપર જ રહી હોય તેવા સ્પષ્ટ ચિત્ર સામે આવી રહ્યા છે છતાં પણ તંત્ર મૌન ધારણ કરીને બેઠું છે. સ્ટેન્ડિંગ કમિટી ની બેઠકમાં રોડ રસ્તા પોળા કરવા માટે લાઈન ઓફ પબ્લિક સ્ટ્રેટ હેઠળ ૩૯ રસ્તાઓ કપાત કરી પહોળા બનાવવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી પરંતુ તેમાંથી હજુ ૧૩ દરખાસ્રેજ જાણે મંજૂરી આપવામાં આવી હોય તેવું જણાઈ રહ્યું છે અને હાલ તેને બાદ કરતાં ૨૬ જેટલી દરખાસ્તમાં કાર્યવાહી ચાલુ હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે.

શહેરના હાર્દસમા ડો.યાજ્ઞિક રોડ, કાલાવડ રોડ, ટાગોર રોડ, જંક્શન રોડ, સર્કિટહાઉસથી રેસકોર્સ સુધીનો માર્ગ, રેસકોર્સ રિંગ રોડ, જવાહર રોડ સહિતના ૨૬ મુખ્ય અને ટ્રાફિકથી ધમધમતા માર્ગોને ૧૯૮૭થી અત્યાર સુધીમાં મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીએ અલગ-અલગ સમયે દરખાસ્તો કરી છે જેની અમલવારી હજુસુધી માત્ર કાગળ પર જ થઇ હોય તેવું ચિત્ર સ્પષ્ટ બન્યું છે.

ત્યારે સવાલ એ ઊઠે છે કે, શહેરની ભીષણ ટ્રાફિક સમસ્યા મનપાના શાસકોને દેખાતી નહીં હોય કે પછી રાજકીય દબાણો હેઠળ વહીવટી ઇચ્છાશક્તિનો અભાવ હશે. મનપાના શાસકોએ ટ્રાફિકની સમસ્યા અને વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને મુખ્ય અને ટ્રાફિકથી ધમધમતા માર્ગો પહોળા કરવાનો નિર્ણય ઓનપેપર અમલી કર્યા બાદ શા માટે તેની અમલવારી કરાતી નથી? આ માટે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહીની જોગવાઇ કરવી જોઇએ તેવો સૂર પણ ઉઠ્યો છે. હાલ આ અંગે પણ ઘણો ખરો રોષ વ્યાપી ઉઠ્યો છે છતાં મહાનગરપાલિકા દ્વારા મોટી મોટી જાહેરાતો કર્યા બાદ તેની યોગ્ય અમલવારી કરવામાં આવી જોઈએ તે પણ થતી નથી જેને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને મહાનગરપાલિકાની કામગીરી ઉપર પણ હવે જાણે ભરોસો લોકોને ન રહ્યો હોય તેવું જાણવા મળ્યું છે.

ખરાબમાં આ બાબતે ગંભીરતાપૂર્વક મહાનગરપાલિકાએ વિચાર કરવાની જરૂર છે જો કોઈ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં નહીં આવે આવનારા સમયમાં તો હજુ પણ ટ્રાફિકની સમસ્યા લોકો માટે માથાના દુખાવા સમાન સાબિત થઈ શકે તેમ છે જેનું નિવારણ લાવું ખૂબ જરૂરી.